## પ્રાર્થના અને ધ્યાન

(૨૩ માર્ચ ૧૯૧૪)

મારી દૃષ્ટિએ એ સ્થિતિને આદર્શ ગણી શકાય કે જ્યારે તારી ચેતના સાથે સતત સચેતન રહીને, અમે હરેક પળે, આપોઆપ, કશો પણ વિચાર કરવાની જરૂર ઉભી થયા વિના ચોક્કસ રીતે જાણી શકીએ કે તારા વિશ્વનિયમને ઉત્તમ રૂપે વ્યક્ત કરવા માટે અમારે ચોક્કસ શું કરવું જોઈએ. આ અવસ્થા કેવી હોય છે તે હું જાણું છું. કેમ કે અમુક ક્ષણોએ તે અવસ્થામાં પહોંચેલી છું. પરંતુ વસ્તુઓ 'કેવી રીતે' બને છે તેનું જ્ઞાન ઘણી વખત અજ્ઞાનના ધુમ્મસ હેઠળ ઢંકાઈ જાય છે..... આવી રીતનું વર્તન તારા મહાનિયમ સાથે કેટલું સુસંગત હશે કે વિરોધી હશે ? એ બધાનો આધાર અમારામાં રહેલા અવચેતનની અવસ્થા ઉપર, એ અવચેતનની અંદર તે તે ક્ષણે ક્યું તત્વ સક્રિય હોય છે તેના ઉપર જ રહે છે. હરકોઈ વસ્તુ એક વાર થઈ ગયા પછી, તે જો કોઈ મહત્વની વસ્તુ હોય, અને તેનું અવલોકન કરી શકીએ, તો તે એક પાઠરૂપ બની શકે છે. એ કાર્ય કરવા પાછળ જે રીતનું પ્રેરકબળ હોય છે. તેને જાણી શકીએ છીએ, અને એ રીતે, જે અવચેતન તત્વ હજી પણ અમારું ચાલન કરી રહેલું છે અને જેને અમારે જીતવાનું છે તેને વિષેનું જ્ઞાન મળી શકે છે.

પૃથ્વી ઉપર પરમ ચેતનાના આવિર્ભાવની ક્રિયાને વધુમાં વધુ સરળ કરી આપવા માટેનો માત્ર એક જ ઈલાજ છે. અને તે એ કે અમારી કલ્પના જે ઉચ્ચમાં ઉચ્ચ અને શુદ્ધમાં શુદ્ધ પ્રકાશની કલ્પના કરી શકે તેની સાથે અમારાથી બને તેટલા સંપૂર્ણભાવે અમે એકતા કરી લઈએ. એ પરમ ચેતના સાથે અમારી ચેતનાનું શક્ય તેટલું સંપૂર્ણ તાદાત્મ્ય અમે કરી લઈએ, અમારી સઘળી પ્રેરણા માત્ર તેમાંથી જ મેળવીએ, અને એ ચેતનાની શક્તિમાં વિશ્વાસ રાખીને જગતની સર્વ ઘટનાઓને સ્વસ્થતાથી નિહાળીએ....

... અત્યારની ક્ષણે પરમ પૂર્ણતાનો સાક્ષાત્કાર કરવો અશક્ય છે એ હકીકતને સ્વીકારી લઈએ......



મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

# સહજ-સત્સંગ

અંક : ૨૩૩ વર્ષ : ૨૦
મે - ૨૦૦૮

સંસ્થાપક અને આદ્યતંત્રી
**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

કાર્યકારી તંત્રી - **માનસિંહભાઈ ચાવડા**

ટ્રસ્ટી મંડળ :
ભારતીબેન ત્રિવેદી
હર્ષદભાઈ ઠકરાર
લલીતભાઈ ઉપાધ્યાય
કમલેશભાઈ માંડવીયા

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :
**શ્રી હર્ષદભાઈ ઠકરાર**
મોબાઈલ : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005



લવાજમ
**વાર્ષિક માતૃચરણે અર્પણ**
વાર્ષિક રૂા. ૧૦૦/-

કૃપયા મનીઓર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફટ/પોસ્ટલ ઓર્ડરથી

**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ-'રાજકોટ ના નામે મોકલશો**

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)

# પ્રાર્થના અને ધ્યાન

## પ્રકાશની આરાધના

જીવનમાં ચેતનાની આદર્શ-સ્થિતિ બાબત માતાજી વાત કરી રહ્યાં છે. પ્રભુએ પોતે ભૌતિક સ્તરેપણ પ્રગટ થવાનો સંકલ્પ કરેલ છે. 'ભૌતિકસ્તરે પણ' નો અર્થ છે ચૈતસિક, મનોમય, પ્રાણમય અને સૂક્ષ્મ પાર્થિવ સ્તરે પ્રગટ થયા પછી જ અંતે ભૌતિક સ્તરે પ્રગટ થવાનો પ્રભુનો સંકલ્પ છે. અને તે માટે પ્રભુએ પોતે એક ખાસ આયોજન કરેલ છે. જેને આપણે ચેતનાની ઉત્ક્રાંતિનાં નિયમો કહીએ છીએ. માતાજી આ ચેતનાની ઉત્ક્રાંતિના નિયમો માટે શબ્દો વાપરે છે - 'પ્રભુનો મહાનિયમ' 'પ્રભુનો વિશ્વનિયમ'.

પ્રભુની ચેતના આપણી વ્યક્તિગત ચેતના દ્વારા આપોઆપ પોતાની મેળે પૂર્ણરીતે પ્રગટ થતી રહે અને આપણી ચેતનાને પ્રભુની ચેતનાના આવિર્ભાવમાટે કોઈપણ વિચાર કરવાની જરૂર ન પડે, તે આપણી ચેતનાનો સહજ-સ્વભાવ બની રહે એવા જીવનને માતાજી જીવનની આદર્શ-સ્થિતિ કહે છે. માતાજી જાણે જાણતાં અજાણતાં શ્રી અરવિંદના 'દિવ્ય-જીવન' ની જ જાણે વ્યાખ્યા આપી રહ્યાં છે. આવી સ્થિતિમાં આપણે ચોક્કસરૂપે જાણીએ છીએ કે પ્રભુની ચેતનાને પ્રગટ કરવા માટે આપણે સંજોગો અને પરિસ્થિતિને અનુરૂપ શું



કરવું જોઈએ. એ વસ્તુ અંદરથી ઉગી નિકળે છે. આને શાસ્ત્રો 'સ્વયંપ્રજ્ઞા' કહે છે. આવો પુરૂષ પ્રજ્ઞાવાન અર્થાત 'પ્રાજ્ઞ' બની ગએલો હોય છે. પંતજલીની ભાષામાંકહેવું હોય તો તેની 'પ્રજ્ઞા ઋતંભરા' બની ગએલી હોય છે. (ઋતંભરા તત્ર પ્રજ્ઞા)

માતાજી જણાવે છે કે આવી સ્થિતિ શક્ય છે કારણ તેઓએ અમુક ક્ષણે તેવી સ્થિતિ જાતે જ અનુભવી છે. પણ આ અવસ્થા કેવી રીતે આપણી ચેતનામાં સર્જાય છે ? તેની પ્રક્રિયા શું છે ? તે કેવી રીતે પ્રાપ્ત કરવી ? એ વસ્તુ અજ્ઞાનને કારણે આપણે જાણતા હોતા નથી. આવી અવસ્થા આપણામાં રચાતી નથી અથવા રચાયા છતાં આપણને તેની ખાત્રી હોતી નથી, તેનું કારણ માતાજી જણાવી રહ્યાં છે. માતાજી જણાવે છે આપણે બધા જ અજાણતા જ અવચેતનના પ્રભાવ નીચે જીવતા હોઈએ છીએ. આપણા દરેક નિર્ણયને અવચેતન પડદા પાછળ રહીને સંચાલિત કરતું હોય છે. તે સંચાલન ઘણી વખત આપણે જાણીએ છીએ. ઘણી વખત જાણતા નથી. નાપસંદ વ્યક્તિ સાથે સભ્ય વર્તન રાખતી વખતે આપણે અવચેતનની ખટપટો સ્પષ્ટ જોઈ શકીએ છીએ. બહારથી આપણે આદર, પ્રેમ, આત્મિયતા દર્શાવીએ છીએ. આપણી પશુતાનો ઉગ્ર વિરોધ ચાલતો આપણે અનુભવીએ છીએ. આપણી અંદરનો પશુ દેકારા કરતો લાગે છે. ઘણી વખત આપણે આપણો અંતસ્થ હેતૂ જાણી શકતા પણ નથી.

પરોપકારી કાર્ય કરતી વખતે પોષાતો અહંકાર આવી વસ્તુ છે. હું મહાન સાધક છું એવો ભ્રમ કેળવતા તો ઘણા સાધકો પણ દેખાય છે.

આવું થવાનું કારણ શું છે ? માતાજી જણાવે છે કે તે ક્ષણે અવચેતનનો ક્યો સંસ્કાર અવચેતનમાંથી જાગ્રત થઈને આપણા જાગૃત મનની પાછળ રહી આપણને સંચાલિત કરવા મથે છે. અને આવી ઘટના સર્જે છે, એ આપણે જાણતા નથી. આજની માનવની ચેતનામાં આવી વસ્તુ વારંવાર બનતી દેખાય છે.

આ પરિસ્થિતિનો ફાયદો સાધના માટે કેવી રીતે લઈ શકીએ ? તે બાબત માતાજી એક ઉપાય સૂચવે છે. આપણે આવી ઘટના બનતી હોય ત્યારે વિવેકપૂર્ણ રીતે તટસ્થ રહીને જો આંતરિક ગડમથલને સાક્ષીભાવે આંતરનિરીક્ષણથી જોશું તો પડદા પાછળનો ચોર પકડાઈ જશે. બીજી વખતે તે ચોર ખાતર પાડવા આવશે ત્યારે આપણે તેને ઝડપી લેશું અને તેને ક્ષીણ કરી શકીશું.

પંતજલી જણાવે છે કે વિપરીત ભાવના કરવાથી કોઈ પણ સંસ્કારને જીતી શકાય છે. સમજો નાપસંદ વ્યક્તિ બાબત આપણા મનમાંનો ચોર 'દ્વેષ' હોય ઈર્ષા હોય તો, તમે તે વ્યક્તિનાં સારાગુણો ઓળખી તેની પ્રશંશા કરતા થાઓ. તેથી તેવા ગુણ આપણામાં નથી, એનું ભાન તરત આપણને થશે. આવો સાચો પ્રશંશાનો ભાવ ખેલદિલીથી વ્યક્ત કરો. પોતાની પારદર્શકતા અને સુસંગતતા (transparancy and integrity) ને પોષો. હૃદયમાં પ્રગટ થએલો દ્વેષ કે ઈર્ષાનો ભાવ નષ્ટ થશે. તે કદાચ ઓગળી જશે અથવા જોરૂકો હોય તો પોતાને બચાવવા ફરી અવચેતનમાં ચાલ્યો જશે. સંસ્કારને પ્રગટ થવા દેવાથી તેને જીવનદાન મળે છે. જો તેને પ્રગટ જ ન થવા દો તો તે ધીમે ધીમે પોતાની શક્તિ ગુમાવતો જશે અને એક દિવસ મરણીયો થઈ પ્રગટ થવાનો પ્રયત્ન કરશે. ત્યારે આપણી સભાનતા અને વિવેક તેનો પરાભવ કરશે અને તેને નષ્ટ થવું પડશે.

આવી રીતે અવચેતનનો નાશ કરવા માટે તેના એક એક અશુભ સંસ્કારનો નાશ કરવો જરૂરી છે.

પણ માતાજી આજ આપણને અવચેતનના સામુહિક નાશનો પોતે અનુભવેલો રાજમાર્ગ દર્શાવી રહ્યાં છે. માતાજી એક શુદ્ધ નિર્મળ પ્રકાશ-રંગનું ધ્યાન કરવાનું સૂચવે છે. તે પ્રકાશ-રંગ પરમ-પ્રભુ જ છે, એવો ભાવ રાખી તેની સાથે એકરૂપ થવા કહે છે. તેમાંથી જ જીવનનાં પ્રસંગોમાં નિર્ણય લેવાની પ્રેરણા મેળવો. તે ચેતના જ આપણું સંરક્ષણ કરી રહી છે, એ પૂર્ણશ્રદ્ધા રાખી જીવનનાં સુખઃદુખો ખેલદિલીથી સ્વિકારી તે ચેતનામાં જ જીવતા શીખીએ.



આ છે અવચેતનના સામુહિક-સંહારનોરાજમાર્ગ !

વેદિક ઋષિઓ આ માર્ગે સાધના કરતાં હતાં. માતાજી ઋગ્વેદનાં જાણકાર હતાં. ઋષિઓ આને 'દેવયાન-પંથ' અથવા પ્રકાશનો માર્ગ કહે છે. ભિષ્મે ઉત્તરાયણમાં જ દેહત્યાગ કરવાનો નિર્ણય લીધો, તેનો ગૂઢાર્થ એ છે કે આવા પ્રકાશમય ચેતનામાં સ્થિર થયા બાદ જ દેહ ત્યાગ કરવાનો નિર્ણય લીધો. બધા વેરઝેર અને કુંટુંબ-કલેશનાં આઘાતોથી મુક્ત થઈ પ્રકાશમય ચેતનામાં સ્થિર થઈને અંતિમ-શ્વાસ લેવાની તેમને ઈચ્છા હતી. તેઓ ઈચ્છા-મરણી હતાં.

ચાલો આપણે પણ માતાજીના માર્ગદર્શન નીચે આપણી ઉત્તરાયણ યાત્રા, આપણી શુક્લપક્ષની યાત્રાનો શુભારંભ કરીએ.

ઈશોપનિષદનાં દૃષ્ટા યાજ્ઞવલ્ક્યે પોતાની સાધનાનું સાર નીચેના તેમનાં ઉદ્‌ગારોમાં દર્શાવેલ છે.

આત્મા વા અરે દૃષ્ટવ્યઃ, શ્રોતવ્યઃ, મન્તવ્યઃ, નિદિધ્યાસિતવ્યઃ ચ ॥ અરે, આત્માને જ પ્રકાશસ્વરૂપે જુવો, તેમાંથી જ પ્રેરણા મેળવી તે અનુસાર જીવો, તેનું જ મનન કરો, તેમાં એકરૂપ થઈને ધ્યાનાવસ્થામાં રહેતા શીખો.

વેદો જણાવે છે દેવો સાધકમાં રહી, સાધક માટે, આ સાધના માર્ગ ચાતરવાનો સતત યત્ન કરી રહ્યાં છે. આપણે બસ તેમને સંમતિ આપવાની જરૂર છે. દેવો જ દિવ્યભાવ સ્વરૂપે આપણામાં અવતરે છે અને આ કાર્ય કરતા હોય છે.

---

પરમ પ્રભુ, શાંત રહેવાનું અમને શિખવ, જેથી શાંતિમાં અમે
તારી શક્તિ ગ્રહણ કરીએ, અને તારા સંકલ્પ ને સમજીએ.
- **શ્રી માતાજી** (૧૫.૮.૮૯)

# એક ભાવાંજલિ

સહજ-સત્સંગ માટે કોઈ પણ લેખનો પહેલો અક્ષર માંડુ તે પહેલાં ભૂપેન્દ્રભાઈની યાદ હું તાજી કરી લેવા ચાહું છું.

સહજ સત્સંગના એ પ્રાણવંતા પ્રણેતા હતા. સહજ સત્સંગના વીસ વર્ષના લાંબા ગાળાના અવિચ્છિન્ન અને નિયમિત પ્રકાશન દ્વારા તપસ્યાનો જે દોર તેમણે આદર્યો તે સમયના વહેવા સાથે વધુ ને વધુ બળવત્તર બનતો રહ્યો અને તે અંતિમ શ્વાસ સુધી વિલસી રહ્યો. આ સાધનાના અનુસંધાનમાં અને તેને આનુષંગિક અને પૂરક એમણે જે પચાસેક પુસ્તક, પુસ્તિકાઓનું સર્જન વિમોચન કર્યું, તે પણ દાદ માંગી લે એવી ઘટના છે.

તેમના આગવા શીલ અને શૈલીની તાજગી વડે શ્રી અરવિંદ અને શ્રી માતાજીના યોગદર્શનના સાહિત્યને, અદના આદમીના હૃદય સુધી પહોંચાડવાની આકાંક્ષાને આંદોલિત કરતી રહી. આ અત્યંત કઠિન અને હિંમત માંગી લે એવું કાર્ય છે. પરંતુ તે તેમણે છેવટ સુધી નિષ્ઠાપૂર્વક નિભાવ્યું અને જનમાનસને નવાજ્યું. આ એમની સાચે જ ગૌરવ-ગાથા છે.



આ મંગલ કાર્યમાં એમના પત્નિ ભારતીબેને એમને સળંગ સુંદર સંગાથ પૂરો પાડીને પાયાનું કર્તવ્ય બજાવ્યું. આ બદલ તેઓ ધન્યવાદના અધિકારી છે.

ચાલુ ૨૦૦૮ના ફેબ્રુઆરી માસના દર્શન દિવસો માટે પોંડિચેરી જવાનું અમારું અને રાજકોટ કેન્દ્રના મિત્રોનું કુદરતી રીતે એક જ દિવસે એક જ ટ્રેઈનમાં બની આવ્યું. ભૂપેન્દ્રભાઈ અને મિત્રો એ.સી. કોચમાં હતા. અમે સ્લીપર કોચમાં હતા. એટલે પહેલે જ દિવસે બપોર બાદ તેઓ મિત્રો સહિત અમારા ડબ્બામાં, અમને મળવા આવી ગયા. અને મળતાં વેંત એમના ખડખડાટ હાસ્યથી આખો ડબ્બો ગાજી ઉઠયો. મને એમણે ખૂબ ઉષ્માસભર બાથ ભીડીને બોલ્યા : 'તમારે પાછા રાજકોટ આવવાનું છે.' પછી મિત્રો સાથે બેઠક લીધી અને હવે પછી આવનારા અને ઉજવાનારા વિશિષ્ટ કાર્યક્રમોની હર્ષોલ્લાસપૂર્વક તેમણે વાતો કરી. હર્ષદભાઈ, લલિતભાઈ બધા તેમાં જોડાયા અને ટ્રેઈનની ગતિવિધિ સાથે વૈવિધ્ય પૂર્ણ વાતોનો ગતિવેગ સધાતો રહ્યો. બહાર ખુલ્લાં ખેતરો અને આકાશમાં પ્રકાશ રેલાવતી બહુરંગી સાંજ ક્યારે ઊતરી પડી તેનો ખ્યાલ જ ન રહ્યો. સાયં સંધ્યા સમયે એમણે મિત્રો સાથે આનંદિત વિદાય લીધી.

પોંડિચેરીમાં સાહજીક પણે અમારું મળવાનું અલપ-ઝલપ રહ્યું. અને આમેય કંઈ વ્યક્તિલક્ષી મુલાકાતો ગોઠવા માટે તો આપણે પોંડિચેરી જતા નથી હોતા. ત્યાં મુલાકાત તો એક આપણા સૌના 'બડા-સાહેબ'ની મળી આવે એવી અભીપ્સા સેવતા રહીએ છીએ. અને આ સંદર્ભ જો વિસરાઈ જાય કે ન સચવાય તો યાત્રા માત્ર એક સ્વરૂચીકર પ્રવાસમાં પલટાઈ જવાની પૂરી શક્યતા રહે છે. ત્યાં તો આપમેળે જ કાર્યની ગૂંથણી થતી રહે છે અને આનંદનો અમલ અનુભવાતો રહે છે.

અમારું સૂરત પાછા ફરવાનું ભૂપેન્દ્રભાઈ કરતાં એક દિવસ વહેલું હતું. એટલે ૪ થી માર્ચે સવારે જ્યારે હર્ષદભાઈનો ફોન આવ્યો ત્યારે મને તો એમ કે

બધા હેમખેમ રાજકોટ પહોંચ્યા હશે. ત્યાં મારી ધારણાને ધક્કો દેતો એમનો સકંપ અવાજ સંભળાયો : ''અમે સૌ રાજકોટ તો સાથે પહોંચ્યા છીએ, પણ ભૂપેન્દ્રભાઈ હવે નથી રહ્યા. આજે સવારે ઘરે પહોંચી એમણે દેહ છોડયો છે.'' ટૂંકી વાતને ટેલીફોન ઠપ. આ વાત થતી હતી ત્યારે પાછળથી ભારતીબેનના રૂદન અને ડુસકારા સંભળાતા હતા. જાણે બધું ઠપ થઈ ગયું હતું.

હું અવાક હતો. હમણાં તો એમણે પોંડીના શ્રી અરવિંદ આશ્રમની બાર વર્ષ બાર દિવસ બાદની યાત્રા સંકેલી હતી અને પુનઃગૃહ-પ્રવેશનો માંડ હાશકારો લીધો હતો ત્યાં જ આમ ઓચિંતું પેલા 'ગેબી-વિશ્રામના દેવનું' તેડું આવી ગયું ! હતા, તે નહતા થઈ ગયા ! એક ખડખડાટ હાસ્યની છોળ વિરમી ગઈ !

અને આ તેડું તો વિના અપવાદ સૌને આવતું રહ્યું છે અને આવશે. એમાંથી કોઈ બાકાત નથી. મોડો કે વહેલો તંબુ ઉઠાવ્યે જ છૂટકો. જાણે કે આ એક અફર પરિસ્થિતિ છે. કોઈ આમાંથી મુક્ત નથી. આ કશ્મકશને વાચા આપતો હોય તેમ ભગવાન બુદ્ધના સત્ય ગંભીર છતાં એટલા જ દુઃખપૂર્ણ સૂત્રનો પડઘો જાણે કે કાને ઊડી આવ્યો.

''સર્વં ક્ષણિકં ક્ષણિકં ! સર્વં દુઃખં દુઃખં ।। સર્વં શૂન્યં શૂન્યં ।।

આમ આપણા અસ્તિત્વ પર જાણે કે એક જડબેસલાક પડદો પડી જાય છે. કશું કામ લાગતું નથી. બધા ય આશ્વાસનો કેવળ પોકળ બણગા ફૂંકાતા હોય એવું અનુભવાય છે. જાણે કે મૃત્યુ એક સર્વોપરિ સત્ય તરીકે તરી આવે છે અને એનો કોઈ ઈલાજ દેખાતો નથી હોતો.

હા, તમને લાગે વળગે છે ત્યાં સુધી મૃત્યુ એક અદમ્ય સત્ય છે. તમે એ હકીકતને અવગણી ન શકો કે તેની અવમાનના પણ નહીં કરી શકો. પરંતુ તે કદીયે પૂર્ણ સત્ય હતું નહીં. તે માત્ર અર્ધ-સત્ય છે. આપણું મન તેને પૂર્ણતાનો વેશ પહેરાવે છે. પૂર્ણ સક્રિય સત્યના એક અંશાત્મક દેખાવને આપણે આપણા



મનની સંક્ષુબ્ધ અને ગ્રસ્ત અવસ્થામાં 'વાસ્તવનો' પૂર્ણ દરજ્જો આપી દઈએ છીએ. આ દેખાવની પાછળ જ સંતાઈને 'અણદીઠ' હાજર હોય છે. એ જનાર તો પોતાના નિર્ધારીત માર્ગ પર ચાલી નીકળે છે. એમને તો 'शिवास्ते पन्थानः सन्तु' તમારો માર્ગ કલ્યાણ પ્રદ હો એમજ પ્રાર્થવાનું રહે.

પાંચમી માર્ચની સવારે પુનઃઘંટડી રણકી. રાજકોટથી ફરી ફોન આવ્યો અને ભારતીબેનનો શાંત સ્વસ્થ અવાજ સંભળાયો. ધીરજથી વાત કરી. પેલા એમના રુદન અને પછી સહજ-સત્સંગના મિત્રોના ફોન કોલ્સ પણ ફરી વળ્યાં.

જે ધગશ અને મા શ્રી અરવિંદ પ્રત્યેના પ્રેમની કર્તવ્ય નિષ્ઠાથી ''સહજ-સત્સંગ''નું પ્રકાશન ચાલુ રાખવાનો તેઓનો સંકલ્પ જણાવ્યો તે બીરદાવવા યોગ્ય છે. કેન્દ્રનું તપસ્યા કાર્ય અટકવું જોઈએ નહિ એ સાચે જ સ્તુત્ય અને યથા યોગ્ય છે. હર્ષદભાઈ, માનસિંહભાઈ, લલીતભાઈ, કમલેશભાઈ સહિત રાજકોટ કેન્દ્રના તમામ મિત્રોને મારા ખાસ અભિનંદન. ચિરાગ જલતો રહે.

સહજ-સત્સંગના પ્રકાશન પાછળ શરૂથી આ સર્વ મિત્રોનો અનન્ય ફાળો રહ્યો છે. એ ચિરાગ વધુ ને વધુ તેજસ્વી પણે જલતો રહે. ભૂપેન્દ્રભાઈને સહ્દયથી મારી ભાવાંજલિ, શ્રદ્ધાંજલિ.

સૌને નમસ્કાર સહિત

**અનિરુદ્ધભાઈ**

હંમેશા એ રીતે જીવો કે જાણે તમે પરમ પ્રભુ અને દિવ્ય મા ભગવતી ની પોતાની દૃષ્ટિ હેઠળ જીવી રહ્યા છો.

એવું કશું ન કરો, એવું કશું વિચારો કે અનુભવો નહિ કે જે આ દિવ્ય સંનિધિને યોગ્ય ન હોય.

- **શ્રી અરવિંદ** (૧૭.૧૧.૮૯)

# સુંદરમ્‌ની જન્મ શતાબ્દી નિમિત્તે

ગુજરાતમાં શ્રી માતાજીની ભક્તિ - ભાગીરથીને ઉતારી લાવવા જે અનેક ભગીરથોએ શ્રમ સેવ્યાં તે પૈકી એક સુંદરમ્. તેમની જન્મશતાબ્દી ટાણે તેમના જેવાં જ માતૃ-ભક્ત બની રહેવાં, તેમનાં જ આંતરભાવોને વાગોળીએ.....

**''માલતો તવ મહાન ધામથી, લાવી લાવી અહીં સીંચી જાઉં છું.**
**સર્વને વિતરી, અર્પી અંતમાં, મારું મૂલ્ય - ત્યહીં શું તપાસું છું**
**ને પછી સહુ સમેટી તાહરા, બાગમાં હું બસ આવી જાઉં છું,**
**કો ખૂણે ક્યહીંક એક બાંકડે, બેસી રાહ તુજ હું નિહાળું છું.''** (૧૭.૧૨.૮૦)

સુંદરમ્‌ની શતાબ્દી અમદાવાદ, વડોદરા, વલ્લભ-વિદ્યાનગર, બોટાદ, પોરબંદર અને નડિયાદ પાસે ૐપૂરીમાં ઉજવાઈ રહી છે, ત્યારે આપણે રાજકોટ કેન્દ્રનાં સાધકો પણ તેમાં આંતરીક રીતે જોડાઈએ. તેમના અસલ ઘરે માતૃભવનમાં તો સુધાબેન સુંદરમ્ સંપાદિત 'સુંદરમ્-સનિધ્ધિ' પુસ્તકની લોકાર્પણ વિધિ પણ થઈ. સાથે સાથે નિરવભાઈ પરીનનાં ભક્તિ ગીતો અને પ્રા.ભરતસિંહ ઝાલાનાં ''સાવિત્રી'' મહાકાવ્ય ઉપર બે મનનીય પ્રવચનોનો લાભ સાધકભાઈઓને મળ્યો.

ઉપરોક્ત ભાવ ધારણ કરી શ્રી અરવિંદ અને શ્રી માતાજીનું કાર્ય કરવું એ જ તેમને અપાતી સાચી અને કાયમી ભાવાંજલિ ગણાશે. ઓમપુરી તેમનું સાચું સ્મારક બનવું જરૂરી છે.



# રસાસ્વાદ

## ROSE OF GOD

**Rose of God,** vermilion stain on the sapphires of heaven,
**Rose of Bliss,** fire-sweet, seven-tinged with the ecstasies seven!
Leap up in our heart of humanhood, O miracle, O flame,
**Passion-flower** of the Nameless, bud of the mystical Name.

**Rose of God,** great wisdom-bloom on the summits of being,
**Rose of Light,** immaculate core of the ultimate seeing !
Live in the mind of our earthhood; O golden Mystery, flower,
Sun on the head of the Timeless guest of the marvellous Hour.

**Rose of God,** damask force of Infinity, **red icon** of might,
**Rose of Power** with thy diamond halo piercing the night!
Ablaze in the will of the mortal,design the wonder of thy plan,
Image of Immortality, outbreak of the Godhead in man.

**Rose of God,** smitten purple with the incarnate divine Desire,
**Rose of Life,** crowded with petals, colour's lyre !
Transform the body of the mortal like a sweet and magical rhyme;
Bridge our earthhood and heavenhood, make deathless the children of Time.

Rose of God, like a blush of rapture on Eternity's face,
**Rose of Love,** ruby depth of all being, fire-passion of Grace !
Arise from the hearth of the yearning that sobs in Nature's abyss;
Make earth the home of the Wonderful and life Beatitude's kiss.

**- Sri Aurobind.**

આ કાવ્યમાં શ્રી અરવિંદ જણાવે છે કે ચેતના એ સર્વવ્યાપિ છે અને તે પ્રકાશમય છે. આ પ્રકાશ જ્યારે વિવિધ રંગ-છટા ધારણ કરે છે, ત્યારે તે ચેતનાની એક નિશ્ચિત કક્ષા સૂચવતી હોય છે. જ્યારે તે ચેતનાનો આનંદ જ્યારે તે ચેતનાની-કક્ષા પ્રકટ કરવા માંડે છે ત્યારે તે ખૂબજ એકાગ્ર થએલી હોય છે અને તેથી તેની પોતાની રંગછટા ખૂબજ તેજસ્વી અને પ્રખર બની જતી હોય છે.

આવી ચેતનાની સાત કક્ષાઓ હોય છે અને તેના સાત આનંદો હોય છે. તેનું વર્ણન આ કાવ્યમાં શ્રી અરવિંદ કરે છે. આ આનંદોના પ્રકટીકરણ વખતે શૂક્ષ્મ જગતમાં આવિર્ભાવ પામતો, શરીરની આજુબાજુ વલય નિર્માણ કરતો દિવ્ય પ્રકાશ કેવી રંગછટા ધરાવે છે તેનું પણ વર્ણન શ્રી અરવિંદ આ કાવ્યમાં કરતાં જાય છે. આ દૃષ્ટિએ જોતાં આ કાવ્ય ખૂબજ ગૂઢ-ઘટનાઓને પ્રકટ કરતું કાવ્ય બની જાય છે. શ્રી અરવિંદ પોતાની શૂક્ષ્મ યોગિક દૃષ્ટિથી તે ઘટના અને તે ઘટનાને કારણે અંતરમાં અનુભવાતાં શૂક્ષ્મભાવોને વર્ણવતા જણાવે છે કે -

જ્યારે સાધકની ચેતના પરમપ્રભુની ચેતના સાથે તદ્દન એકરૂપ થએલી હોય છે; તેની વ્યક્તિગત-ચેતના જ્યારે સંપૂર્ણરીતે વિલીન થએલી હોય છે અને પરમપ્રભુની જ, પૂર્ણબ્રહ્મની ચેતના શરીરનો કબજો લે છે, ત્યારે આ શરીર જાણે ખીલી ઉઠતા ગુલાબની જેમ પ્રભુનું ગુલાબ બની જાય છે. તે Rose of God બની જાય છે. તે એક અસીમ અવકાશ જેવી ચેતના લાગે છે. પણ તે અવકાશ ખાલીખમ કે પ્રકાશ કે રંગ વિહોણું હોતું નથી. પણ અરૂણરંગી પ્રકાશથી સભર હોય છે. પણ તે ફક્ત શુદ્ધ અરૂણરંગી નથી લાગતો પણ તેમાં આછા આકાશી રંગની ઝાંય પડતી લાગે છે. આ સ્થિતિનું વર્ણન કરતાં શ્રી અરવિંદ જણાવે છે કે "Rose of God vermilan stain on the sapphiers of heaven"

પરમપ્રભુની ચેતના પ્રકટ થતી વખતે આવી શૂક્ષ્મ ઘટના પણ નિર્માણ કરતી હોય છે. ખરેખર તો ચેતનાની બધી જ કક્ષાઓ અંતે તો પરમપ્રભુની



ચેતના જ હોય છે. તેથી અન્ય ચેતનાની-કક્ષાઓને પણ શ્રી અરવિંદ Rose of God - અર્થાત પ્રભુનું ગુલાબપુષ્પ એમ જ વર્ણવે છે. પણ મૂળભૂત શુદ્ધ એવી પરમપ્રભુની ચેતના સહૂથી ઉર્ધ્વતમ શિખરની, ચેતનાના અંતીમ શિખરની ચેતના જ્યારે પ્રકટ થાય છે, ત્યારે માનવી શરીરમાં ઉપર મુજબની ઘટનાઓ બનતી તેઓ પોતાની ગૂઢ-યોગીક-દૃષ્ટિથી જોય છે.

તે બાદ પરમપ્રભુ આનંદ સ્વરૂપે જ્યારે શરીરદ્વારા પ્રકટે છે ત્યારે તે જાણે આનંદનું ગુલાબ "Rose of bliss" બની જાય છે. આ આનંદરૂપ ચેતના જ્યારે શરીરદ્વારા પ્રકટ થાય છે ત્યારે તેના રંગમાં પેલી આકાશી છટા નથી હોતી પણ તે અગ્નિ જેવી અરૂણરંગી બની જાય છે. પણ તે અગ્નિ જેવો પ્રકાશ સાધકને આકરો અને કષ્ટપ્રદ નથી લાગતો, પણ શિયાળામાં જેમ તાપણું હુંફાળું અને મધુર લાગે તેવો લાગે છે. તેથી શ્રી અરવિંદ તેને "fire-sweet" તરીકે વર્ણવે છે. ઉપર કહ્યા જેમ તેમાંની કાયમી દેખાતી સ્થિર એવી આકાશી રંગની ઝાંય હવે દેખાતી નથી હોતી. પણ જેમ અગ્નિમાં દરેક જ્વાલાના લબકારા વખતે જુદા જુદા રંગોનો આવિર્ભાવ થાય, કોઈ વખત નીલ, તો કોઈ વખત લીલો, કોઈ વખત લાલ, તો કોઈ વખત શ્વેત, તેવાજ વિવિધ રંગની રંગછટાઓ તેમાં વારંવાર ઉઠતી હોય છે - અને વિલિન થતી હોય છે. આ બધી રંગછટાઓ ઈન્દ્રધનુષના રંગો સાથે મળતી આવતી હોવાથી શ્રી અરવિંદ એમને "seven-tinged" આ શબ્દથી વર્ણવે છે. શ્રી અરવિંદ આ બદલને કારણે શું શૂક્ષ્મ તફાવત સાધકની અનુભૂતીમાં થાય છે તેનું પણ સ્પષ્ટીકરણ આપે છે. તેઓ કહે છે કે દરેક રંગછટા સાથે પ્રકટ થતો એક એક આનંદનો પ્રકાર પણ હોય છે અને તેથી આનંદનાં પણ સાત પ્રકાર પડે છે.

પાર્થિવ ચેતના, પ્રાણમય ચેતના, મનોમય ચેતના ચૈતસીક-ચેતના, સત્-ચેતના, ચિત્-ચેતના અને આનંદમય-ચેતના આ સાત ચેતનાના અને તેના સાત આનંદના પ્રકાર છે. વેદો આ સપ્ત ચેતનાને જ પોતાની આગવી ભાષામાં અજાનજ દેવો, કર્મદેવો, વિશ્વેદેવો, ઈન્દ્ર, બૃહસ્પતિ, પ્રજાપતિ અને

હિરણ્યગર્ભ એ રીતે વર્ણવે છે. તેથી શ્રી અરવિંદ આનંદના ગુલાબને "Ecstasies seven" તરીકે વર્ણવે છે. આ સર્વ આનંદો આપણને આપણા માનવી હૃદયમાં અચાનક આવિર્ભાવ પામતા અનુભવાય છે. તેના અચાનક આવિર્ભાવ પામવાને શ્રી અરવિંદ "Leap up in our heart" એ રીતે વર્ણવે છે. સાધક આ અચાનક આવિર્ભાવને કારણે આશ્ચર્યચકિત થઈ જાય છે. તેને તે એક ચમત્કાર લાગે છે. તેને તે એક પ્રકાશમય ચમત્કાર લાગે છે. તેથી શ્રી અરવિંદ આ ઘટનાને "O miracle, O flame" તરીકે વર્ણવે છે. આ જે આશ્ચર્યજનક વસ્તુ થાય છે તે શું છે, એનું વર્ણન કરતાં શ્રી અરવિંદ લખે છે કે તે ઘટના આપણા હૃદયમાં ભાવસ્વરૂપે ખીલી ઉઠે છે તે જાણે એક "Passion-flower" ભાવ-પુષ્પ હોય એવું લાગે છે પણ આ ભાવ ખરેખર તો પેલી અનામી પરમ-ચેતનાના હાજરીને કારણે નિર્માણ થએલો હોય છે. તેથી આ તે અનામીનો ભાવ દેહ (Nameless) છે એમ શ્રી અરવિંદ જણાવે છે.

પણ આ ભાવ હજુ પુરેપુરો ખીલેલો હોતો નથી, પુરેપુરો પ્રકટ થએલો હોતો નથી. તે સર્વાંગપૂર્ણ સ્પષ્ટ થએલો હોતો નથી. તે તો હજી માંડ આવિર્ભાવ પામતો હોય છે, તે જાણે કળી જેવો હોય છે અને તે કળીમાંથી ક્યા ગૂઢભાવો પ્રકટ થશે એ કહી શકાતું ના હોવાથી તે જાણે "bud of mystical name" હોય એવું શ્રી અરવિંદ વર્ણવે છે.

હવે શ્રી અરવિંદ વિજ્ઞાન-મય ચેતના સ્વરૂપ ગુલાબના ફૂલનું વર્ણન કરે છે. તે પણ પરમપ્રભુનું જ ગુલાબ છે. તે પણ પરમપ્રભુની ચેતનાનો જ એક આવિર્ભાવ હોય છે. તે વખતે સાધકની ચેતના તેના સ્વરૂપની ઉપર અર્થાત શિરની ઉપર સ્થિર થએલી હોય છે. પુરૂષ-સુક્તમાં વર્ણવેલ 'અત્યનિષ્ઠત્-દશાંગુલમ્'ની અવસ્થા હોય છે, ત્યારે સાધકની ચેતના તેના પોતાના શરીરની બહાર નિકળી મસ્તકની ઉપર દશ આંગળ અદ્ધર અવકાશમાં સ્થિર હોય એવું સાધક અનુભવે છે. શ્રી અરવિંદ ચેતનાની આ અવસ્થાનું વર્ણન કરતાં કહે છે કે તે "On the summit of being" હોય છે. હવે તે ચેતના પરમપ્રભુની ચેતના અને



આનંદમય ચેતનાથી કેવી રીતે જુદી પડે છે તેનું વર્ણન કરતાં શ્રી અરવિંદ જણાવે છે કે તે ચેતના એક શુદ્ધ, આધ્યાત્મિક જ્ઞાન સ્વરૂપ હોય છે. શ્રી અરવિંદ તેને "Great wisdom bloom" કહે છે. તે સાધના દ્વારા ખીલતી આંતરદૃષ્ટિને લીધે, અંદરની સહજપ્રજ્ઞાને કારણે નિર્માણ થતું હોય છે, ખીલતું હોય છે, આવિર્ભાવ પામતું હોય છે. તે જ્ઞાન એટલું અગાધ હોય છે કે તે જેટલું પણ મળે તે ઓછું જ લાગે છે અધુરૂ જ લાગે છે. રોજે રોજ એમાં નવી અનુભૂતીને કારણે નવા જ પ્રકારનો ઉમેરો થતો જ જતો હોય છે. તેથી શ્રી અરવિંદ આ જ્ઞાનને "great" શબ્દથી નવાજે છે.

પ્રકાશમય ચેતના વિજ્ઞાનમય ચેતના હોય છે, તેને શ્રી અરવિંદ "Rose of light" કહે છે. તેનું સ્વરૂપ વર્ણવતા શ્રી અરવિંદ જણાવે છે કે તે ચેતનામાં સ્થિર થતાં જ સાધક પોતે તદ્દન પવિત્ર છે, નિર્લેપ છે, શુદ્ધ અને કમળની જેમ અલિપ્ત છે એવું અનુભવે છે આ પવિત્રતાની કે નિર્મળતાની ભાવના તેને પાપ અને પુણ્યની કલ્પનાઓથી તદ્દન મુક્ત કરી દે છે. તે જાણે તે દ્વંદ્વોથી ઉપર ઉઠી ગયો હોય એવું લાગે છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે આ નિર્લેપતા એ તે ચેતનાનું જાણે હાર્દ છે. શ્રી અરવિંદ આવી ચેતનાને "immaculate core" તરીકે વર્ણવે છે. પણ આ કેન્દ્રસ્થ ગુણ સાધકમાં કેવી રીતે પ્રકટ થાય છે તેનું વર્ણન કરતાં શ્રી અરવિંદ જણાવે છે કે તે ચેતના જીવનની ગતિવિધિને જાણે નિર્લેપ થઈને ઉપરથી જોતી હોય એવું સાધક અનુભવે છે. આ નિર્લેપ સાથીભાવને તેઓ "Ultimate seeing" તરીકે વર્ણવે છે. સાધકને આ જોતી વખતે પોતાનાં શરીરમાં ઓતપ્રોત થએલું સુવર્ણમય તેજ જણાય છે. આપણા ભૌતિક શરીરમાં જાણે મનોમય ચેતના સર્વત્ર ફેલાએલી હોય અને તે મનોમય-ચેતના દ્વારા આ સુવર્ણમય પ્રકાશ શરીરમાં ઓતપ્રોત ભરેલો અનુભવાતો હોય એવું લાગે છે.

આ અદ્ભૂત પ્રકાશનું વર્ણન કરતાં શ્રી અરવિંદ જણાવે છે કે "Live in the mind of our earthhood, O golden Mystery, flower" આ ચેતનાને તે વધારેને વધારે વિકાસ પામે, ખીલી ઉઠે તે માટે શ્રી અરવિંદ તેની ખીલવાની

"flowering" થવાની અભીપ્સા સેવે છે. આ શરીરમાં દેખાતો ઓતપ્રોત પ્રકાશ સાધકને પોતાના મસ્તકની ઉપર જે સુવર્ણમય પ્રકાશ સ્વરૂપ સૂર્ય છે. સુવર્ણમય આત્મપ્રભા છે તેમાંથી રેલાતો લાગે છે. તે આત્મપ્રભા પહેલાં નહોતી. હવે જ દેખાવા માંડી છે. એટલે તે આપણી અતિથિ છે એમ કહેવાય, આપણી "guest" છે એમ કહેવાય, પરંતુ આ અતિથિ હવે ફક્ત થોડા સમય માટે આપણા આ શરીરરૂપી ઘરમાં પધારેલ નથી પણ કાયમી સ્વરૂપે રહેવા આવેલો અતિથિ છે. તેથી શ્રી અરવિંદ આ આત્મપ્રભાને "timeless guest" તરીકે વર્ણવે છે. આ અતિથિ સાધકના સ્વરૂપમાં પધારવાથી શું ઘટના થઈ તેનું વર્ણન કરતાં શ્રી અરવિંદ જણાવે છે કે તેની હાજરીને કારણે સાધકની ચેતના કાલાતીત થઈ ગઈ હોય, અકાલ થઈ ગઈ હોય એવું લાગે છે. તે હવે સનાતન દિવસ જેવી પ્રકાશિત લાગે છે. સાવિત્રીમાં શ્રી અરવિંદ આ ચેતનાને "Everlasting day" તરીકે વર્ણવે છે. અહિં આ કાવ્યમાં શ્રી અરવિંદ તેને એક અદભૂત અવસ્થા કે અદભૂત સનાતન મહાકાળ તરીકે વર્ણવે છે. તેઓ તેને "marvellous hour" તરીકે વર્ણવે છે.

હવે શ્રી અરવિંદ પરમપ્રભુની અન્ય એક ચેતનાની કક્ષા, જેને તેઓ Rose of Power" કહે છે. દિવ્યશક્તિની ચેતનાનું વર્ણન કરતાંકહે છે કે શક્તિ ખૂબજ સુંવાળી લાગે છે. તે સાધકની ચેતનામાં ઉભરાવા માંડતા જ સાધકને ભાર કે અસ્વસ્થતા કે અસહ્ય દબાણ જેવી કોઈ લાગણી થતી નથી. પણ તેને બદલે કોઈ રેશમી કપડું શરીરને સ્પર્શતા જે સુંવાળા સ્પર્શની અનુભૂતી થાય, જે કોમલતાનો અનુભવ થાય તે જ આ શક્તિથી ભારીત ચેતના જ્યારે સાધકમાં પ્રકટ થવા માંડે છે ત્યારે તે અનુભવે છે. તેથી શ્રી અરવિંદ તેને "Damask force" તરીકે વર્ણવે છે. Damask એટલેરેશમી કપડું. આ શક્તિપાત સાધકમાં થતો હોય છે ત્યારે તેને પોતે અસીમ ચેતના છે એવી ભાવના અને અનુભૂતિ થવા માંડે છે પોતાની ચેતનામાં એક સુપ્ત પણ પ્રચંડ શક્તિ છે એનું તેને ભાન થાય છે. આ શક્તિપાત વખતે પોતાની ચેતના રક્તવર્ણી તે અનુભવે છે પોતાની ચેતનામાં ઉગતા સુરજની લાલીમાં પથારાતી તેનેલાગે છે અને એ વખતે આ



લાલ-પ્રકાશ ખૂબજ વાસ્તવિક છે એવું તે અનુભવતો હોય છે. તે એટલો વાસ્તવિક હોય છે કે તે સાધક સંકલ્પથી તે શક્તિને બીજામાં દાખલ કરી શકે છે. શક્તિપાત કરી શકે છે અને પેલો સાધક પણ તેનો વાસ્તવિક અનુભવ કરતો હોય છે. તેથી આ શક્તિને શ્રી અરવિંદ વાસ્તવિક અને લાલપ્રકાશ સ્વરૂપ શક્તિ તરીકે "Red icon of might" તરીકે વર્ણવે છે તે એક મૂર્ત શક્તિ તેને લાગે છે. શ્રી અરવિંદ જણાવે છે કે આ "Rose of Power" છે. શક્તિનું ગુલાબ છે.

આ શક્તિ જ્યારે સાધકના અવચેતનને ગળી જવા માટે તેની તરફ ઘસારો કરે છે અથવા તેને છેદી નાખવા અથવા તેની અપારદર્શકતા ને જડતાને રૂપાંતરીત કરવા તેની ઉપર ત્રાટકે છે ત્યારે તે રક્તવર્ણી ન રહેતા તે રક્તવર્ણી ચેતનામાંથી જ એક શુભ્ર પારદર્શક, વેદ જેને 'શુક્રમ' કહે છે, એવી ચેતનાનો પ્રવાહ આવા અચેતન તરફ ઘસારો કરીને તેને ઘેરી લે છે. અને અચેતનનું રૂપાંતર ચેતનમાં થઈ જાય છે. આપણા સ્વરૂપમાં રહેલી નબળાઈઓ, ગ્રંથીઓ એટલે આવા અચેતનાના જ બંકરો હોય છે. તેમાં રહીને તે સાધક સામે લડતું હોય છે. આવા બંકરોને આ પારદર્શક હીરક-પ્રકાશયુક્ત ચેતના ઘેરી લે છે અને તેમને પણ પારદર્શક કરી મુકે છે. જેમ કાર્બન કાળો અને અપારદર્શક હોય છે પણ જ્યારે તે પૃથ્વીના પેટાળમાં લાવારસની ગરમીથી પાકે છે ત્યારે તેની કાલિમા નીકળી જઈને તે પારદર્શક હીરો બની જાય છે, તેવી જ રીતે કાંઈક પ્રક્રિયા આ અચેતનના રૂપાંતરમાં થતી હોય છે. આ પ્રક્રિયાનું વર્ણન કરતાં શ્રી અરવિંદ લખે છે કે "Rose of Power with thy diamond halo piercing the night".

આ અચિતની ગ્રંથીઓના રૂપાંતરને કારણે મર્ત્યભાવનાનો લોપ થાય છે. સાધક પોતાને અમર અને સનાતન સમજે છે. જાણે કે તેની મર્ત્યતાની ભાવનાને આ હિરક-પ્રકાશયુક્ત ચેતનાએ સુરંગ લગાડી ઉડાડી દીધી ન હોય એવી ઘટના નિર્માણ થાય છે. શ્રી અરવિંદ આ ઘટના વર્ણવતા લખે છે કે "Ablaze in the will of mortal" આ રીતે સાધકની પ્રકૃતિ શુદ્ધ અને પ્રકાશમય

થતા જ પરમપ્રભુ તેને પોતાના સંકલ્પ અનુસાર ઘાટ આપવાની શરૂઆત કરે છે. શ્રી અરવિંદ વિનવે છે, કે હે પરમપ્રભુ આપ "design the wonder of thy plan". તમે તમારી યોજના અને સંકલ્પ મુજબ હવે આ પ્રકૃતિને ઘાટ આપો. આ રીતે રૂપાંતરની અને દિવ્ય-નવરચનાની શરૂઆત થતાં, અતિમનસ શરીરનાં બંધણીની શરૂઆત થતાં જ, સાધકને પોતે પોતાને અમરતામાં ઢાળી રહ્યો છે એવું લાગે છે. તેને લાગે છે કે પોતે "Image of Immortality" થઈ ગયો છે. આ ઘટનાને કારણે ખરેખર તો માનવમાંથી અતિમાનવ આવિર્ભાવ પામતો હોય છે. દેવમાનવ જન્મતો હોય છે. શ્રી અરવિંદ લખે છે કે આ તો "outbreak of the God head in man" હોય છે.

હવે શ્રી અરવિંદ પરમપ્રભુની ચેતનાના એક અન્યરૂપ તરફ વળે છે. તેને શ્રી અરવિંદ Rose of Life કહે છે. તે પ્રાણમય-ચેતના હોય છે. તે જાંબલી રંગની હોય છે અને તે ચેતના દિવ્ય-ભાવ સ્વરૂપે પ્રકટ થતી હોય છે. જાણે તે પેલી દિવ્ય-ભાવનાનું સાકાર સ્વરૂપ હોય. તેથી શ્રી અરવિંદ લખે છે કે તે ચેતના "Smitten purple with the incarnate divine desire" હોય છે. આ રીતે અનંત દિવ્ય-ભાવો મનમાં રમવા માંડે છે અને દરેક ભાવને કારણે જાણે આ પ્રાણમય-ચેતનાની એક એક પાંખડી ખુલતી લાગે છે. તે ચેતના જાણે એક સારંગી જેવી (lyre) હોય છે જેમાંથી વિવિધ રંગના દિવ્ય-ભાવો વિવિધ સૂરોની જેમ રેલાતાં હોય છે. શ્રી અરવિંદ તેથી લખે છે કે "Rose of life, crowded with patel, colours lyre" આ ચેતના શું કાર્ય કરે છે, તેનું વર્ણન કરતાં શ્રી અરવિંદ જણાવે છે કે તે સાધકના શરીરનું રૂપાંતર કરવાનું કાર્ય કરતી હોય છે. તેથી સાધકના શરીરમાં મધુરતા વ્યાપી જાય છે અને તેને બધું જ સુંદર, સુખદ લાગવા માંડે છે. એ પ્રકારની જાદુઈ તાલબદ્ધતા તેના શરીરમાં સ્થપાઈ ગએલી હોય છે, શ્રી અરવિંદ લખે છે કે તે ચેતના "Transform the body of mortal like a sweet and magical rhyme". આને કારણે જાણે પૃથ્વી અને સ્વર્ગનો સંગમ થતો લાગે છે. અશરીર આત્મા શરીરધારણ કરતો લાગે છે. અકાલ અને કાલાતીત આત્મા



કાલમાં પ્રવેશતો લાગે છે.

શ્રી અરવિંદ હવે પ્રેમમય ચેતનાનું વર્ણન કરતાં તેને "Rose of love" તરીકે વર્ણવે છે. તે પણ પરમપ્રભુની ચેતનાઓનો જ એક પ્રકાર છે અને તે જાણે સનાતન ચેતનાના ચહેરા ઉપર ઉપસેલા આનંદની ઝલકના શેરડા જેવો ભાસે છે. શ્રી અરવિંદ તેથી તેને "like blush of rapture on Eternity's face" તરીકે વર્ણવે છે. આ ચેતનાનો રંગ ઘેરો લાલ માણેક જેવો હોય છે. તે બધા જ પ્રાણીમાત્રના હૃદયમાં હોય છે. તે એવી પ્રકાશિત ચેતના હોય છે જે પરમપ્રભુની કૃપાને હળવેથી ધારણ કરે છે અને જાણે તેથી તે સમર્પણના ભાવથી તરબોળ થતી હોય છે. શ્રી અરવિંદ તેનું વર્ણન કરતાં લખે છે કે. "ruby depth of all being, fire-passion of Grace" આ સમર્પણનો ભાવ સાધકના હૃદયરૂપી યજ્ઞકુંડમાંથી ઉઠે છે. તે અગ્નિ-કુંડમાં અભીપ્સાનો અગ્નિ બળતો હોય છે, કારણ આ અગ્નિ નિર્માણ થવાનું કારણ છે સાધકને અનુભવાતું કાયમીદુઃખ. આ દુઃખ અચિતની ગહેરાઈઓમાંથી સાધકની પ્રકૃતિની ગહેરાઈઓમાંથી નિર્માણ થતું હોય છે તે દુઃખથી ત્રસ્ત થઈને સાધક અભીપ્સા સેવતો થાય છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે તે અભીપ્સા. "Arise from the hearth of the yearning that sobs in Nature's abyss"

આ અભીપ્સાની શી અપેક્ષા હોય છે? તેની શું માગણી હોય છે, તેનું વર્ણન કરતાં શ્રી અરવિંદ જણાવે છે કે તેની એવી ઈચ્છા હોય છે કે પરમપ્રભુ તેની પ્રકૃતિમાં પધારે અને તે ભૌતિક શરીરને પોતાનું નિવાસ સ્થાન બનાવે, જેથી તે તમોગ્રસ્ત શરીર દિવ્ય બનીને ચમત્કાર સરજે. તેમજ પરમપ્રભુ તેના જીવનમાં પધારે અને તે જીવનનાં દિવ્યાનંદનું ચુંબન આપે, તેથી તે તે દિવ્યાનંદથી ભરપૂર થઈ જાય શ્રી અરવિંદ લખે છે કે હે પ્રભુ "Make earth the home of the Wonderful and life Beatitude's kiss".

આ રીતે આ કાવ્યમાં શ્રી અરવિંદે પરમપ્રભુનાં વિવિધ-ચેતના સ્તરો તેના પ્રકાશ રંગો અને તેના કાર્ય તથા સ્વરૂપનું ગૂઢ વર્ણન કરેલું જોવા મળે છે. સાવિત્રી - મહાકાવ્યમાં આવા સંદર્ભો સતત આવતા હોય છે.

# સાવિત્રી-સાર

## પ્રકરણ-૬૭ : **જાણ્યા પ્રભુને તત્વતઃ**

The conscious ends of being went rolling back:
The landmarks of the little person fell,
The island ego joined its continent:
Overpassed was this world of rigid limiting forms:
Life's barriers opened into the Unknown.
Abolished were conception's convenants
And striking off subjection's rigorous nescience.
All the grey inhibitions were torn off
And broken the intellect's hard and lustrous lid,
Truth unpartitioned found immense sky-room;
An empyrean vision saw and knew;
The bounded mind became a boundless light
The finite self mated with Infinity.
Savitri B-1 ,C-3, P - 25

જેમ જેમ રૂપાંતરની પ્રક્રિયા આગળ વધે છે તેમ તેમ અશ્વપતીની ચેતના તેના જ અજ્ઞાત સ્વરૂપના અજ્ઞાત ભાગો વિશે સભાન બનતી જાય છે. સભાનતાના આ



જાણે સીમાવિસ્તારની પ્રક્રિયા બની જાય છે. આ વિસ્તાર વધારેને વધારે શૂક્ષ્મ-ક્ષેત્રમાં વધતો હોવાથી અશ્વપતીને એમ લાગે છે કે તેની સભાન ચેતના સ્થૂળ સ્તરોની પાછળ રહેલાં શૂક્ષ્મ સ્તરોમાં વિસ્તરી રહી છે. તેથી શ્રી અરવિંદ વર્ણવે છે કે "The conscious ends of being went rolling back:" આને કારણે પોતાના સ્વરૂપની સિમિત સીમાઓ ખરી પડતી અશ્વપતીને લાગે છે. સીમા માટે શ્રી અરવિંદ "landmarks" શબ્દ વાપરે છે અને જણાવે છે "The landmarks of the little person fell".

શ્રી અરવિંદ એક રૂપક દ્વારા સૂચવે છે કે સિમિત વ્યક્તિ સ્વરૂપ પોતાનું સ્વરૂપ ઓગાળીને વિશ્વ-પુરૂષ સાથે એકરૂપ થાય છે પણ આ કાંઈ બે ભિન્ન વ્યક્તિઓનું પ્રથમ મિલન નથી, પણ બન્ને પહેલા એકરૂપ જ હતાં. પછી જુદા પડયાં છે. આ પુનર્મિલન છે.

શ્રી અરવિંદ રૂપકમાં જણાવે છે કે જેમ એક ભૂખંડનો જ ભાગ કાલાંતરે નાનકડા ટાપુમાં ફેરવાઈ ને વિખૂટો પડી જાય પણ ફરી ભુ રચનામાં ફેરફાર થતાં ફરી જોડાઈ જાય તેવી આ ઘટના છે. અહંકાર એ આવો પરમ-ચેતનારૂપી ભૂખંડથી વિખૂટો પડી ગએલો ટાપુ છે. તે ઓગળીને ફરી પરમ-ચેતના સાથે જોડાઈ જાય છે. "The island ego joined its continent."

આ અહંકાર પોતાને કેવીરૂપે ઓગાળે છે તેનું વર્ણન શ્રી અરવિંદ હવે કરે છે. અહંકારે પોતે જ પોતાના શરીર પુરતી જ પોતાની કલ્પનાથી પોતાની જ સીમાઓ આંકેલી હોય છે. પોતાના ભૌતિક અસ્તિત્વ અને જીવન બાબત પોતાનું નિશ્ચિત સ્વરૂપ માન્ય કરેલ હોય છે. આ તેનું અજ્ઞાન જ હોય છે અને તે ભૌતિક અસ્તિત્વમાંજ જીવતો હોય છે. આ પોતાના સ્વરૂપ બાબતની નિશ્ચિત કલ્પના અને માન્યતાઓથી તો જગતમાંનો દરેક વ્યક્તિ પણ જીવતો હોય છે. સિમિત જડ અને કઠોર ભૌતિક વસ્તુઓનું જગત જ સાચું છે, અને તેની દ્વારા વ્યક્ત થતું ભૌતિક-જીવન જ સાચું છે એવી સંકુચિત-કલ્પનાઓથી આ જગત ભરપૂર છે.

પણ અહંકાર પોતાની સીમાઓને ભૂંસી નાંખવાનો પ્રયત્ન કરતાં જ આ ભૌતિક-જગતની મર્યાદાઓથી આપણે જાણે મુક્ત થતા જઈએ છીએ. તેને વટાવી કોઈ અસીમતામાં પ્રવેશતા હોઈએ છીએ એવો અનુભવ અશ્વપતીને આવવા માંડે છે. કોઈ અજાણ્યા ક્ષેત્રમાં ચેતના વિસ્તરી રહી છે. અનિર્વચનીય તત્વમાં પ્રવેશી રહ્યાં છે, એવું લાગે છે. શ્રી અરવિંદ જણાવે છે કે "Overpassed was this world of rigid limiting forms: Life's barriers opened into unknown."

આપણી સભાન રહેવાની પ્રક્રિયા છે, તે અમુક કલ્પનાઓ અને માન્યતાના આધારે કામ કરતી હોય છે. જાણે જગત સાથે માનવે કરાર કરેલ છે કે જાણવાની પ્રક્રિયા માટે અમુક માન્યતાઓ સ્વિકારવી જરૂરી છે. અચાનક જાણે આ કરારને રદબાતલ કરવામાં આવે છે. તે જાણવાની પદ્ધતિની ટેવને જાણે ભાંગી નાખવામાં આવે છે, જાણવાની પ્રક્રિયામાં જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન આ ત્રણે વસ્તુઓને અલગ અલગ માનવામાં આવે છે. હું જાણનાર જુદો છું. હું જાણું છું તે જગત પણ મારાથી જુદુ છે અને મારામાં આવા પ્રસંગોને કારણે જે જ્ઞાન નિર્માણ થાય છે તે પણ મારાથી જુદુ છે. જ્ઞાન પ્રક્રિયામાંના ત્રણે પાસાઓમાં અનુભવાતી ભેદ-બુદ્ધિ ને જ 'ત્રિપુટીભેદ' કહેવામાં આવે છે. આ જાણે કરારની શરતો છે, જે આપણે માન્ય રાખી છે અને તે અનુસાર તે કરારના અન્તર્ગત આપણે જ્ઞાન મેળવીએ છીએ. આવી ટેવને જ શ્રી અરવિંદ "nescience" કહે છે મિથ્યાજ્ઞાન કહે છે.

મિથ્યાજ્ઞાન અને અજ્ઞાન વચ્ચે તફાવત છે. અજ્ઞાનમાં કોઈ વસ્તુ આપણે જાણતા હોતા નથી. ત્યાં જ્ઞાન જ નથી. જ્ઞાનનો અભાવ છે. અજ્ઞાન છે. પણ મિથ્યાજ્ઞાનમાં કોઈ વસ્તુનું ફક્ત અજ્ઞાન જ નથી પણ તે વસ્તુ બાબતનું વિપરીતજ્ઞાન અર્થાત જુદી જ વસ્તુ છે એવું ખોટું જ્ઞાન હોય છે. આવા વિપરીતજ્ઞાન ને જ મિથ્યાજ્ઞાન કહે છે. મિથ્યાજ્ઞાનમાં ભ્રમણા હોય છે. ભ્રમ હોય છે. તે વસ્તુના સાચા જ્ઞાનના અભાવે અર્થાંત અજ્ઞાનને કારણે નિર્માણ થએલ ખોટું જ્ઞાન હોય છે. આને જ મિથ્યાજ્ઞાન કહે છે. આવા ભ્રમમાં વ્યક્તિગત માન્યતા



ઉમેરવામાં આવેલી હોય છે subjective element હોય છે. તે અજ્ઞાન ઉપર નિર્માણ થએલું ખોટું જ્ઞાન હોય છે અને આ ખોટુંજ્ઞાન એ ખરેખર તો અજ્ઞાનનોજ પરિણામ હોય છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે "Abolished were conception's convenants. And striking off subjection's rigorous nescience.' Convenants એટલે કરારની શરતો. તે શરતો માન્ય રાખવી જ જોઈએ એવો દુરાગ્રહ એ જ subjection's rigorous nescience છે. subjection એટલે માન્ય રાખવી અને rigorous nescience એટલે જોરદાર અજ્ઞાન, ગાઢ અજ્ઞાન, તિમિર અંધકાર.

આ જ્ઞાનની પ્રક્રિયામાં રહેલ અજ્ઞાનજન્ય અવરોધક બધીજ માન્યતાઓને છોડી દેવામાં આવે છે. તેને શ્રી અરવિંદ "grey inhibition" કહે છે. inhibition એટલે અવરોધક. તેવી બધી જ માન્યતાઓને પણ ફાડીને ફેંકી દેવામાં આવે છે. આપણી બુદ્ધિએ એક ભ્રમ પેદા કરેલો હોય છે. જાણે તેણે ખૂબ વિચારીને, સમજીને, સમગ્ર રીતે ભૂલરહીત એવી સ્વયંપૂર્ણ આ જ્ઞાન મેળવવાની પદ્ધતિ વિકસાવી છે અને તેના આ કામમાં કોઈ આંગળી ચિંધી શકે તેમ નથી, પોતે જ્ઞાન મેળવવાનું ઉત્તમ અને શ્રેષ્ઠ સાધન છે, આ તેનો પોતાના માટેની તેજોમય આત્મગૌરવની ભ્રામક કલ્પના જ હોય છે. બુદ્ધિ જ્ઞાન મેળવવાનું શ્રેષ્ઠ સાધન નથી. અને અચૂક સાધન તો નથી જ નથી. એકમાત્ર સાધન પણ નથી. આંતરપ્રેરણા જેવા શ્રેષ્ઠ સાધનો છે. પોતાની અખંડીત સત્તાનો બુદ્ધિનો આગ્રહ ભૂલ ભરેલો છે. ઉલટાનું તેને કારણે સાચું જ્ઞાન મેળવવામાં અવગડો સર્જાય છે. શંકા કુશંકાઓ ઘેરાય છે. તે માનવની એક મહત્વપૂર્ણ ક્ષમતા છે. પણ તેની જરૂરીઆત તેના પોતાના ક્ષેત્રપુરતી જ મર્યાદિત છે. આ અવરોધરૂપ ઢાંકણું પણ તોડી પાડવામાં આવે છે. શ્રી અરવિંદ જણાવે છે કે "All the grey inhibitions were torn off. And broken intellect's hard and lustrous lid."

બુદ્ધિનો આ અંતિમ હરોળનો અવરોધ ભાંગી જતા તેની પાછળ રહેલા દિવ્યજ્ઞાન મેળવવાનાં સાધનો અને ક્ષમતાઓ સક્રીય બની આગળ આવે છે. ચિત્તની આંતરપ્રેરણાની ક્ષમતા હવે કાર્ય કરવા લાગે છે. બાહ્ય ઈન્દ્રીયો અને

બુદ્ધિને શાંત કરી દેવામાં આવે છે. આંતર ઈન્દ્રીયો સક્રીય બને છે અને તેને કારણે ચેતનાને સંકુચિત અને ખંડીત કરી દેવાની વૃત્તિ અને ટેવો બંધ પડી જાય છે. અખંડ-ચેતનાની અનુભૂતિ થાય છે. ભિન્ન સ્વરૂપો છતાં તેની દ્વારા પ્રકટ થતી એક જ અખંડિત ચેતનાનો સ્પર્શ એનુભવાય છે. ગીતા આને 'બ્રહ્મ-સ્પર્શ' તરીકે જણાવે છે, અર્થાત સર્વવ્યાપિ ચેતનાનો આંતરિક અનુભવ તરીકે ગણે છે. શ્રી અરવિંદ આને "unpartitioned Truth" અવિભાજીત-સત્ય તરીકે વર્ણવે છે. તે સમગ્ર જગતના બધા જ દૃશ્ય પદાર્થોમાં આંતર-બાહ્ય પ્રવેશેલી, વ્યાપ્ત લાગે છે. તેને માટે કોઈ સ્થાન રિકત કે ખાલી નથી રહેતું. અત્યાર સુધી શરીરરૂપી અંધાર-કોઠડીમાં કેદ કરાએલી આ વાસુદેવ-ચેતનાને માટે અમર્યાદ અસીમ આકાશ જાણે પોતે જ તેને જગ્યા આપે છે. તેને માટે "sky is the limit" કહેવું પણ ભૂલભરેલું લાગે છે. તેની આ સર્વ વ્યાપકતાને શ્રી અરવિંદ immense sky-room તરીકે વર્ણવે છે. આ અનુભવ દર્શનીય હોય છે. તે ખરેખર દેખાય છે. તે દર્શન સ્વરૂપ હોય છે. પણ તે દર્શન ભૌતિક આંખોનું હોતું નથી. જો કે સાધકને તે ભૌતિક આંખોથી જ દેખાતું લાગે છે. શ્રી અરવિંદ તેને અપાર્થિવ દર્શન, સ્વર્ગીય દર્શન ગણાવે છે. તેને તેઓ An empyrean vision ગણાવે છે. empyrean એટલે અપાર્થિવ, સ્વર્ગીય. બીજુ, શ્રી અરવિંદ આવું ફક્ત દેખાય છે એમ નથી કહેતા, પણ દેખાય છે અને સાથે સાથે અનુભવાય પણ છે. Saw and knew કહે છે. મંદીરમાંની મૂર્તિ દેખાતી હોવા છતાં તેને દિવ્યરૂપે, ચિન્મય સ્વરૂપે સર્વ સામાન્ય માનવને અનુભવાતી નથી. Knew નો અર્થ આ છેઃ અનુભવવું તે પણ જરૂરી છે.

આને કારણે અજ્ઞાનના પ્રભાવ નીચે બંધિયાર રહેલ, પૂર્વગ્રહથી દુષિત, વિકારોથી મલીન એવા મનની બધી જ મલિનતા નષ્ટ થવા માંડે છે. સાચી સમજણનો પ્રકાશ ફેલાવા માંડે છે. મન પ્રકાશમય અનુભવાય છે. પ્રકાશમય અસીમ ચેતનામાં ઓગળીને તે અરૂપ થવા માંડે છે. શ્રી અરવિંદ તેથી જણાવે છે કે Truth unpartitioned found immense sky-room; An empyrean vision saw and knew; The bounded mind became a boundless light."



આવી વ્યક્તિ સાચા અર્થમાં પ્રકાશને ધારણ કરનાર જ્યોતિર્ધર બની જાય છે.

આ પરમ-ચેતના સાથે એકરૂપ થવાની પ્રક્રિયાના બે પરિણામો થાય છે. એક એવું પરિણામ હોય છે કે વ્યક્તિ ચેતના તદ્દન નામશેષ થઈ જાય છે. ફક્ત પરમ-ચેતના જ રહે છે. નદી જેમ સમુદ્રમાં વિલીન થતાં એકાકાર થઈ જાય છે, પછી જુદી પડી જ નથી શકતી તેવી સ્થિતિ સર્જાય છે. આને ગીતા કહે છે 'બ્રહ્મનિર્વાણ' પ્રભુની લીલામાંથી નિવૃત્તિની આ ક્ષણ હોય છે.

બીજો પર્યાય જેને શ્રી અરવિંદ શ્રેષ્ઠ માને છે, તેમાં વ્યક્તિ ચેતના વિશ્વ-ચેતના સાથે એકરૂપ થવા છતાં પોતાનું આગવું અસ્તિત્વ પણ અનુભવે છે. શ્રી અરવિંદ આ ભાવ જણાવતા લખે છે કે વ્યક્તિ ચેતના વૈશ્વિક-ચેતના સાથે જોડાઈને જાણે તેનો અંશ બની જાય છે. "The finite self mated with Infinity."

ગીતામાં જ્યારે જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ પોતે પરમેશ્વર છે એવા ભાવથી બોલે છે ત્યારે આવી અવસ્થામાં તેમની ચેતના સ્થિર થએલી હોય છે અને ગીતા આવી અવસ્થાને 'પરમચેતનામાંનો તત્વતઃ પ્રવેશ' તરીકે વર્ણવે છે. (તતો માં તત્વતો જ્ઞાત્વા વિશ્તે તદનન્તરમ્-ગીતા-૧૮(૫૫) અહિં વ્યક્તિ અને વિશ્વના સમન્વય સાધી સાચો પૂર્ણયોગ રચાય છે.

આ છે પૂર્ણજ્ઞાન. આને જ ગીતા તત્વતઃ જાણવું કહે છે (ભક્ત્યા મામભિજાનાતિ યાવાન્યશ્ચાસ્મિ તત્વતઃ। - ગીતા ૧૮/૫૫)

આ ખરેખર પ્રભુ જેવા છે, જે છે, તેવાજ તેમને જાણવાની રીત !

અશ્વપતી હવે સાચા અર્થમાં 'તત્વજ્ઞ' થઈ ગયાં છે. તેમણે જાણ્યું કે પ્રભુ તો સાકાર-નિરાકાર, સગુણ નિર્ગુણ. સક્રિય નિષ્ક્રીય, સીમિત-અસીમ, વ્યક્ત-અવ્યક્ત, જડ-ચેતન, જીવ-જગત, સાંત-અનંત, બધું જ અને તેથી પણ ઉપર છે. ખરેખર તે અનિર્વચનીય છે.

# વેદ-વિજ્ઞાન

પ્રકરણ - ૨

## વેદ સાહિત્યનું સર્જન-વિસર્જન

### વેદોનો વિષય

વેદ શબ્દનો અર્થ છે જાણવું, સમજવું, અનુભવવું અર્થાત જ્ઞાન, આ વાત પ્રાચીન છે. આર્યો ભારતમાં સ્થિર થએલાં, ભારતને તેથી આર્યાવર્ત કહેતાં. આર્યાવર્ત એટલે જ્યાં આર્ય-સંસ્કૃતિ ધરાવતી પ્રજાએ વસવાટ કર્યો છે તે પ્રદેશ. ગંગાસિંધુનાં કાંપવાળા પ્રદેશમાં કુદરતની મહેર હતી. જીવનોપયોગી વસ્તુઓ સહજ મળી જતી હતી. તેથી આર્યોની સંશોધક વૃત્તિ આંતર-ખોજ તરફ વળી. તેમનું ધ્યાન પોતામાં અને કુદરતમાં રહેલ ગૂઢ શક્તિઓ તરફ દોરાયું. તેમણે આ જ્ઞાન મેળવવા માનવમાં સુપ્ત રહેલ પ્રજ્ઞાને વિકસાવી. બુદ્ધિ અને પ્રજ્ઞામાં તફાવત છે. બુદ્ધિ પ્રત્યક્ષ અનુભવ અને તર્કનાં સહારે અજ્ઞાતમાંનું જ્ઞાન મેળવે છે. બુદ્ધિ આ રીતે ખૂબ વિકાસ પામે છે ત્યારે તેને 'પ્રતિભા' કહે છે. પ્રતિભા એટલે કોઈ પણ વસ્તુ કે વિષયના બધા પાસાઓનું જ્ઞાન મેળવી પ્રકાશ કરી મુકતી ક્ષમતા. 'પ્રતિ અંશં ભાતિ ઈતિ પ્રતિભા.' આ પ્રતિભાની વ્યાખ્યા છે 'નવોન્મેષનશાલિ બુદ્ધિઃ પ્રતિભા.' અર્થાત વિષય બાબત નવા નવા તથ્યો શોધે તે પ્રતિભા. પણ પ્રતિભાથી પણ આગળની ક્ષમતા માનવમાં છે તેને 'પ્રજ્ઞા' કહે છે. બુદ્ધિ અને પ્રતિભા એ મનોમય પુરૂષની ક્ષમતા છે. જ્યારે પ્રજ્ઞા એટલે



માનવમાં રહેલ દિવ્ય ચેતનાની ક્ષમતા છે. પ્રજ્ઞામાં તર્ક વપરાતો નથી. ત્યાં ચૈત્યપુરૂષ સામેની વસ્તુ સાથે એકરૂપ થઈને તાદાત્મ્ય દ્વારા જ્ઞાન મેળવી લે છે. શ્રી અરવિંદ આને "knowledge by identity" કહેતાં, ચૈત્યપુરૂષ પરમ-પ્રભુને સમર્પિત હોવાથી તે સહજ રીતે પરમ-ચેતના સાથે એકરૂપ થઈ જાય છે. અને પરમ-ચેતના બધી વસ્તુઓ સાથે એકરૂપ હોવાથી ચૈત્યપુરૂષને તે એકતાદ્વારા તે વસ્તુનું પણ જ્ઞાન મળી જાય છે. આમ પરમ-ચેતના માર્ફત આ જ્ઞાન મળતું હોય છે.જાણે અંતરીક્ષમાંના ઉપગ્રહ માર્ફત આપણા મોબાઈલ ફોન જોડાતા હોય તેવી આ ઘટના છે.

પ્રજ્ઞાની શોધ અને તેનો સાચી દિશામાં ઉપયોગ એ આર્યોની અજોડ શોધ છે અને તે જ ક્ષમતા તેણે સમગ્ર માનવજાતને વારસામાં આપવાની છે, જે ભારતનું આજનું કર્તવ્ય અને નિયતિ છે.

વેદકાળમાં મૂર્તિપૂજા નહોતી, પણ શૂક્ષ્મ દૈવી-સ્વરૂપોને તેઓ માનતા. ગોપથ બ્રાહ્મણમાં (૧-૧-૩૯) વેદોનો વિષય નીચે મુજબ જણાવેલ છે.

**આપો ભૃંગ્વંગિરો, રૂપમાપો ગ્વંગિરોમયમ્।**
**સર્વમાપોમયં ભૂતં સર્વં ભૃંગ્વંગિરોમયમ્।**
**અંતરે તે ત્રયો વેદા ભૃગુનંગિરોનુગા।**

અર્થાત નિરાકાર પ્રકાશમય ચેતનાને જ વેદો 'આપ' કહે છે કારણ આપ અર્થાત જળને પોતાનો કોઈ આકાર નથી. પાત્રાનુસાર આકાર ધારણ કરવાની ક્ષમતા માત્ર હોય છે. દિવ્ય પ્રકાશમય ચેતના સંકલ્પ માત્રથી ઈચ્છિત આકાર ધારણ કરી શકે છે. 'ભૃગુ' ઋષિએ ચેતના પ્રકાશમય છે એવી શોધ કરી, તેથી તેને 'ભૃગુ' કહે છે. તે જ ચેતના વિશ્વ-શક્તિ તરીકે આપણા યોગચક્રો રૂપી છીદ્રો દ્વારા આપણા સ્વરૂપમાં પ્રવેશે છે. તેથી તેને 'ભર્ગ' કહે છે. ભગ એટલે છીદ્ર. ભગમાર્ફત અંદર આવનારી શક્તિ તે 'ભર્ગ'. આ શબ્દ ગાયત્રીમંત્રમાં તમને જોવા મળશે. આ અર્થમાં આપણે સહુ 'ભગવાન' જ છીએ.

'અંગિરા' એટલે દેવતા,અંગારા, અર્થાત પ્રકાશમય કણો - Photons. ઋષિઓનું જ્ઞાન એ છે કે પ્રકાશ આંદોલન સ્વરૂપે અને પ્રકાશ-કણ સ્વરૂપે આપણા સ્વરૂપમાં પ્રવેશે છે. આજની ભાષામાં તેને "wave Theory" અને "contumn Theory" કહે છે.

ઉપરના મંત્રમાં કહ્યું છે કે આ જગતની બધી જ વસ્તુઓ પ્રકાશના આંદોલન સ્વરૂપ (ભૃગુ) અને પ્રકાશ-કણો સ્વરૂપ છે. (અંગિરા) અને તેથી તે બધું નિરાકાર પ્રકાશમય ચેતના સ્વરૂપ જ (આપો) છે, અને ત્રણે વેદો આંતરિકરીતે તો આ ભુગુ અને અંગિરા સ્વરૂપોનું સંશોધન કરવામાં જ પડેલાં છે.

સારાંશ વેદોનો વિષય છે નિરાકાર પ્રકાશમય ચેતના જેણે આંદોલનો અને પ્રકાશ કણોમાંથી આ જગતની રચના કરી છે અને આપણા જીવનને પણ ટકાવીને વિકસાવતી હોય છે. તે જ છે પરમ-પ્રભુ, પરમાત્મા, પરમ સત્ય, બ્રહ્મ વગેરે વગેરે.

## વેદોનું વિભાજન

ઐતરેય બ્રાહ્મણનાં નીચેના મંત્રમાં વેદોના વિભાજનનો મૂળ-સિદ્ધાંત દર્શાવેલ છે.

**ત્રયો વેદા : અજાયંત।**
**ઋગ્વેદ એવ અગ્ન: અજાયત।**
**યજુર્વેદો વાયા:।**
**સામવેદ: આદિત્યાન્॥**

અર્થાત અગ્નિમાંથી ઋગ્વેદ, વાયૂમાંથી યજુર્વેદ અને આદિત્યમાંથી સામવેદનો જન્મ થયો છે અને આ ત્રણ જન્મ-પ્રક્રિયા ભેદના આધારે ત્રણે વેદોનું વિભાજન થએલ છે. પણ અગ્નિ, વાયુ અને આદિત્ય એટલે શું?

પરમ-ચેતના આપણા સ્વરૂપ દ્વારા પ્રગટ થવા પ્રયત્ન કરી રહી છે. આપણા



સ્વરૂપનાં નિમ્ન ભાગો એટલે જ મન, પ્રાણ અને શરીર. મન વિચારો નિર્માણ કરે છે જેને 'જ્ઞાન' કહે છે. પ્રાણ ઈચ્છા નિર્માણ કરે છે. જેને 'ઈચ્છા' કહે છે. શરીર દ્વારા વાણી પ્રગટે છે. જેને 'વાક્' કહે છે. જે 'કૃતિ' સ્વરૂપ છે. આમ ચેતના આપણામાં જ્ઞાન-ઈચ્છા-કૃતિ સ્વરૂપે પ્રગટ થાય છે. જેને જ્ઞાનમય, પ્રાણમય, વાંગ્મય આત્મા કહે છે. આમને જ અનુક્રમે આદિત્ય, વાયૂ અને અગ્નિ કહ્યાં છે. શ્રી અરવિંદ આમને મનોમય, પ્રાણમય અને પાર્થિવ પુરૂષ કહે છે. નીચેનો મંત્ર તેનો ઉલ્લેખ કરે છે.

**ચૈતન્મયો વા અયમાત્મા।**
**મનોમય વાંગ્મય: પ્રાણમય:।**

હવે ત્રણે વેદમન્ત્રોનો ઉપયોગ ખાસ રીતે કરવાનો છે. પાર્થિવપુરૂષને ચેતવવા ઋગ્વેદનો, પ્રાણમય પુરૂષને ચેતવવા યજુર્વેદનો અને મનોમય પુરૂષને ચેતવવા સામવેદનો ઉપયોગ કરવો. આ જ વેદ-વિભાજનનો સિદ્ધાંત છે. આ ત્રણે અગ્નિનાંજ પ્રકાર છે. તેમને નિર્દોષ ધુમાડા વગરનાં કરવાનાં છે. જેને 'ત્રિણાચિકેત અગ્નિ' કહે છે. આ વિદ્યા યમરાજાએ નચિકેતાને કઠોપનિષદમાં શીખવી છે. ત્રિ એટલે ત્રણ, અચિકેત એટલે ધૂમાડા વગરનો. અગ્નિ એટલે પ્રકાશમય ચેતના.

અથર્વવેદમાં આ ઉપર મુજબનો ઉપયોગ કરવાની પદ્ધતિઓ દર્શાવેલ છે તે Applied Science છે. Pure Science નથી. તેથી શરૂઆતમાં ત્રણ જ વેદો ગણાતા. પાછળથી અથર્વણ-ઋષિનાં આ વેદને ચોથા વેદની માન્યતા મળી અને તેને અથર્વવેદ નામ પ્રાપ્ત થયું.

## વેદગાન-પદ્ધતિ

વેદ-મંત્રો ક્યા વેદનાં છે તે ગાન-પ્રકાર ઉપરથી સમજવા માટે ભગવાન વેદવ્યાસનાં શિષ્યોએ નીચે મુજબની પરંપરાઓ શરૂ કરી હતી.

(૧) પેલ ઋષિએ ઋગ્વેદનાં મંત્રો ધીમે ગંભીર સાદે એક એક શબ્દ છૂટો પાડીને ગાવાની પદ્ધતિ અપનાવી. આને તેઓ 'અદૃત' ગતિ કહેતાં 'દૃત' એટલે ઝડપથી, અદૃત એટલે ધીમે ધીમે.

(૨) વૈશંપાયને યજુર્વેદનાં મંત્રો મધ્યમ સ્વરમાં ગાવાની પદ્ધતિ અપનાવી.

(૩) જૈમિનિ એ સામવેદનાં 'પ્લૂત' સ્વરે અર્થાત ઉચ્ચ અને લંબાવીને ગાવાની પદ્ધતિ અપનાવી.

(૪) સુમંતુએ અથર્વવેદમાં ઉપરની ત્રણેની મિશ્ર પદ્ધતિ અપનાવી. કારણ તેમાં ઉપરનાં જ ત્રણે વેદોના મંત્રો આવે છે.

શુદ્ધ-યજુર્વેદમાં ફક્ત સ્તૂતિમંત્રોજ બોલાય છે. જ્યારે કૃષ્ણ-યજુર્વેદોમાં સ્તૂતિ અને વિધિ દર્શાવવા મન્ત્રો પણ બોલાય છે.

## વેદોનાં ઉપવેદ

અમુક વિદ્યાઓને ઉપ-વેદનો દરજ્જો પ્રાપ્ત થયો છે કારણ તેઓનો ઉપયોગ વૈદિક યજ્ઞોમાં કરવો પડતો હતો.

(૧) આયુર્વેદ - ઋતુ મુજબ જરૂરી ઔષધિઓની સમીધા લાવવા અને યજ્ઞકર્તાઓના આરોગ્યને સાચવવા માટેનો આયુર્વેદ, અર્થાત ઔષધિશાસ્ત્ર

(૨) ધનુર્વેદ - યજ્ઞનાં મંડપનાં બાંધકામમાં અને સંરક્ષણ માટે જરૂરી અસ્ત્ર, શસ્ત્રનું જ્ઞાન આપતો ધનુર્વેદ, અસ્ત્ર એટલે સુથાર લુહારના ઓજાર અને શસ્ત્ર એટલે સૈનિકોનાં હથિયાર.

(૩) ગંધર્વવેદ - વેદમંત્રોના ગાનને અનુરૂપ સંગિત રચવાનાં વાદ્યોનું અને રાગોનું જ્ઞાન આપતો ગંધર્વવેદ અર્થાત સંગિતકલા.

(૪) વાસ્તુવેદ - યજ્ઞવેદી અને જરૂરી મંડપોના બાંધકામનાં મોજમાપ સમજાવવા માટેનો વાસ્તુવેદ અર્થાત વાસ્તુશાસ્ત્ર

**(ક્રમશ)**



# સહજ-સત્સંગ

### હે પ્રભો, તારી ઈચ્છા... તારી ઈચ્છા !

(આ સાથે 'સહજ-સત્સંગ' નવી લેખમાળા શરૂ કરીએ છીએ. આ લેખમાળામાં અત્યારસુધી પ્રગટ થએલાં આશ્રમવાસી કે અન્યનાં જીવન-પ્રસંગો અને તેમાં માતાજીએ આપેલ જીવન-ઘડતર, જીવન-નિષ્ઠા અને સાધકને આપેલાં બહૂમોલ ઉપદેશોનાં પાવક-પ્રસંગો વણી લેવામાં આવશે; જે આપણા જેવા સાધકોને જીવન-ઘડતરમાં પ્રેરણારૂપ જરૂર બનશે - તંત્રી)

માતાજીએ મુ.તારાદીદીનાં પિતાશ્રી સુરેન્દ્રનાથ જૌહરને શ્રી અરવિંદ આશ્રમ દિલ્હી શાખામાં એક આધુનિક અતિથિગૃહ નિર્માણ કરવાનું સૂચન કર્યું કારણ દિલ્હીથી વિમાની-સેવા દ્વારા અનેક પરદેશીઓ પોંડીચેરી આવતા અને પાછા દિલ્હીથી જ જતાં. આ મુલાકાતીઓને રહેવા કરવાની, તેમને અનુરૂપ આહાર-વિહારની મૂળભૂત સગવડતા આપવી જરૂરી છે એમ માતાજીને લાગતું. આ મૂળભૂત સગવડતાના અભાવે આવા અભીપ્સૂ-પરદેશીઓ ફરીવાર આવવાની હિંમત જ ન કરે તો તે દિવ્ય-કાર્યમાં એક અવરોધરૂપ ગણાય, કારણ તેઓ સાચા આધ્યાત્મિક-માર્ગદર્શનથી વંચિત રહે. શ્રી સુરેન્દ્રનાથ રામકૃષ્ણ આશ્રમ સાથે સંકળાયેલા હતાં. ધંધા નિમિત્તે કોલકત્તા ગયાં ત્યારે તેમને શ્રી રામકૃષ્ણ આશ્રમના

અત્યાધુનિક અતિથિગૃહની વ્યવસ્થા જોઈ. તેમના મનમાં શ્રી માતાજીનું સ્વપ્ન સાકાર કરવાની ઈચ્છા સળવળી.

દિલ્હી આવી તેમણે પોતાના મિત્રોની મદદથી નકશા તૈયાર કર્યા. પણ નાણાભીડથી મુંઝાતા હતાં. વિચાર કર્યો કે પ્લાન તો માતાજી પાસેથી મંજૂર કરાવી લઉં અને દિલ્હીથી ઉપડયાં.

પોંડીચેરી આશ્રમમાં આવી સીધા માતાજી પાસે હાજર થયાં. અનેક પ્લાન બતાડયાં. માતાજીએ એક પ્લાન પસંદ કર્યો.

''માતાજી, તમારી ઈચ્છા છે, પ્રયત્નો પણ હું લાખ કરી રહ્યો છું, પણ ધનની જોગવાઈ હજી થઈ નથી. ક્યાંક આયોજન કાગળ પર જ ન રહે એનો ક્ષોભ થાય છે.''

માતાજીએ સુરેન્દ્રનાથ સામે જોયું. પછી અંદરની રૂમમાં આવવા ઈશારો કર્યો. તેઓ રૂમમાં ગયાં અંદર મોટા મોટા પ્લાનનાં ઢગલાં પડયાં હતાં.

''સુરેન્દ્ર, આ જ મારી હાલત છે. મારી પાસે પણ ધન નથી. ઉપરાંત કામ કરનાર પણ નથી. પરંતુ આમાં ચિંતા અને ક્ષોભ શેનો ? આ બધાં પ્રભુના કામ છે. જો તેમને મંજૂર હશે, તેમની ઈચ્છા હાલમાં જ કરવાની હશે, તો તેમની ઈચ્છા પુરી થશે.'' માતાજીએ હાથોની મુદ્રા કરી ''આગળ હરિ-ઈચ્છા''

હવે સમજાયું. સમર્પણ શું ચીજ છે ! ('મેરીમાં' શ્રી સુરેન્દ્રનાથ જૌહરના પુસ્તકનાં પેજ ૮૩-૮૪ ઉપર આધારિત)

(૨) સુરેન્દ્રનાથ જૌહરનો કોલસાનો ધંધો. ખૂબ મોટા કોળસાના ગોડાઉન માટે ન્યુ દિલ્હીમાં એક અવાવરૂ ખૂબ મોટી જગ્યા લીધી. આશ્રમ બનાવવાનો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. જગ્યામાં મહેલોનાં ખંઢેર, ભાંગેલા કિલ્લા, મસ્જીત, ભગ્ન મંદિર અને અવાવરૂ કુવા અને તુટેલી કબરો તો વેરવિખેર પડી હતી. તદ્દન અગોચર જગ્યા. આ જગ્યા ખરીદી ૧૯૩૮ની આસપાસ. તે પહેલા ત્રણ વખત તો સોદો કાયદાકીય ગૂંચોને કારણે રદબાતલ થએલો.

ધંધા માટેનું બાંધકામ શરૂ કર્યું. આર્કિટેક્ટ તપાસ કરવા આવ્યાં. બાંધકામ



ખતરનાક છે કહી કામ રોકી દીધું. છેલ્લે તે પડતું મુક્યું.

પડખે નવું બાંધકામ શરૂ કર્યું પણ કોઈ રીતે પાટે ચડે નહિ. જૌહરજીને તેનો ઉપયોગ લોક કલ્યાણ માટે કરવાની ઈચ્છા જાગી. તે પ્રયત્ન પણ વિફળ ગયો. વિચાર આવ્યો કે બીજું વિશ્વયુદ્ધ ચાલુ છે અહિં હવાઈમથક, અમેરિકન સૈનિકો માટે બેરેક, આરામગૃહ, હોસ્પિટલ અને સાથે સાથે છાત્રાલય અને ફાર્મ હાઉસ બનાવવું. તે ઉપર પણ પાણી ફરી વળ્યું. ૧૯૪૭માં પાકિસ્તાનથી વિસ્થાપિત શરણાર્થિઓ માટે વ્યવસ્થા કરવાનું ગોઠવ્યું, પણ કોઈ ફરક્યું નહિં. જાણે ત્યાં કોઈ અગોચર-હકુમત રાજ કરતી હતી.

પાણી માટે બસ્સો ફૂટ બોરિંગ કર્યું. પાણી નહિં. ફૂલઝાડ, ઘાંસ લગાડવાનો પ્રયત્ન કર્યો, કાંઈ ઉગ્યું જ નહિં. મનુષ્યો તો ઠીક ઢોરવાડો પણ ન ગોઠવાયો. કારણ ગોપાલન શરૂ કર્યું, વાછરડાં સાથે કુલ અઢાર હતાં. એક રાત્રે ડાકૂઓ બધાને હાંકી ગયાં.

જગ્યામાં મોટા મોટા સાપ, નાગ ફરતાં થયાં. જંગલી પશુ ભક્ષ્ય લાવી અહિં ખાતા. ગીધોની જમઘર જામતી, તેમની ભયંકર કિકિયારીઓ વાતાવરણને ભયાનક બનાવી મુકતી. પછી ઘટનાઓએ પલટો લીધો. ૧૯૫૫માં એક વ્યક્તિ સવારે જ શ્રી જૌહરજીનાં ઘરે આવી. તેમનો પરિચય શ્રી સુરેન્દ્રનાથજીને ભારતછોડોના આંદોલન વખતે રાજકીય કેદમાં થએલો. તે વ્યક્તિ કોણ છે તે પોલીસો પણ જાણી શક્યા નહોતા. તદ્દન અલગારી આત્મા. આવીને કહે 'હું પ્રભુનો દૂત છું. મને પ્રભુનો આદેશ છે. તમારા કુતુબ-રોડ ઉપરની જમીન ઉપર હાલમાં આસુરી શક્તિએ અડ્ડો જમાવ્યો છે. તેમને મારી હટાવવાનું કામ મને પ્રભુએ સોંપ્યું છે,' સાંજે તે ભાઈ ચાલ્યા ગયા. શ્રી સુરેન્દ્રનાથને તે એક સનકી માણસ લાગ્યો, ભૂલી ગયા તેને !

પણ બીજે દિવસે સવારે ફરી હાજર ! તેમના હાલ જોઈને જૌહરજી ભડક્યાં. ફાટેલા ચીથરેહાલ મેલાંઘેલાં કપડાં, વાળ દાઢી અસ્તવ્યસ્ત, આંખો લાલ, ખૂબજ થાકેલા, કહેવા લાગ્યા'' આસુરી શક્તિઓ અંદાજ કરતાં વધારે બળવાન

નિકળી. આખીરાત યુદ્ધ ચાલ્યું. પણ મારે તેમને હરાવવાના જ છે. આજે જોઈ લઈશ.'' થોડીવાર મૌન બેઠા, પછી ઉભા થઈને ચાલ્યા ગયાં.

શ્રી સુરેન્દ્રનાથ જોતા જ રહ્યાં.

બીજે દિવસે પાછા આવ્યા, આ વખતે સ્થિતિ પહેલા કરતા પણ ખરાબ, શરીરે ઉઝરડા, ઘા અને શ્રાંત શરીર, પણ આંખોમાં વિજયનો ગર્વ, બોલ્યા, ''ખૂબ ભયાનક યુદ્ધ થયું. જરા પણ મચક આપતાં નહોતાં, પણ આખરે ઉખાડીને ફેંકી દીધાં. હવે આ જગ્યા પ્રભુ માટે મુક્ત બની છે.''

અને માતાજીએ ધ્યાન-કેન્દ્ર કરવાનું સૂચન કર્યું. ઉદ્‌ઘાટન ૧૨.૨.૫૬ના રોજ કરવાનું ઠરાવ્યું.

''માતાજી ૨૧ ફેબ્રુઆરી રાખોને, તમારા જન્મ દિવસે''

''૧૨ કે ૨૧ કોઈ તફાવત નથી. સરવાળો ૩ જ થાય છે. પણ ગૂઢશાસ્ત્ર કહે છે કે બાર વ્યક્તિ સાથે પ્રભુને પ્રાર્થના કરે તો પ્રભુ પ્રાર્થનાને માન્ય રાખે જ છે. તમે બાર વ્યક્તિ સાથે ધ્યાન કરજો.'' ત્યાં દિલ્હી પોલીસવિભાગે વિનંતિ કરી. આ જગ્યા તેમને શિબિર માટે વાપરવા દે. આપી દીધી. ચકાસવા કે પેલો ભાઈ કહે છે તે સાચું છે કે નહિ. શિબિરમાં કોઈ અવરોધ ન આવ્યો. વિશ્વાસ બેઠો.

જુના અરધા બાંધેલા મકાનોનું રીપેરિંગ કરાવ્યું. રંગ રોગાન કરાવ્યું. વિદ્યાલય અને છાત્રાલય કરવાનો વિચાર કરવા લાગ્યો. એક દિવસે માતાજીને પુછયું.

''માતાજી, હું તો પેલી જગ્યા માટે અનેક સૂચનો લઈ આવું છું તમે પોતે મને કોઈ સ્પષ્ટ આદેશ આપતા નથી, એમ કેમ ?

''પણ કોણે કહ્યું ? આ જગ્યાએ તો શ્રી અરવિંદ આશ્રમ અને શ્રી અરવિંદની સમાધિ બનવાની છે. તે માટે મેં અમૂલ્ય દિવ્ય અવશેષો પણ ઘણા વર્ષોથી સાચવી રાખ્યા છે''

સુરેન્દ્રનાથજીને લાગ્યું કે આસુરી શક્તિઓના નાશ માટે પણ પછી દૈવી-શક્તિઓએ માતાજીને પ્રાર્થના કરી હોવી જોઈએ. તેનો આ પરિણામ છે.



શ્રી જૌહરજી પાછા ફર્યા, અને દિલ્હી આવ્યાં, તે જ દિવસે તેમને એક પાર્સલ મળ્યું; તેમાં શ્રી અરવિંદ સમાધિના નકશા સૂચનો, રેખાચિત્ર બધું જ હતું.

વીસ વર્ષ પછી શ્રી જૌહરજીનું સપનું સાકાર થવાની શરૂઆત થઈ. સમગ્ર ક્ષેત્રમાં વિજળીનાં થાંભલા નખાયા. અવાવરૂ કુવા ઉપર પંપ સેટ બેસાડયાં. લોકોએ ભાડેથી જમીન લઈ શાકભાજી, વાવેતર શરૂ કર્યું. એક બગીચાના વિશેષજ્ઞ વ્યક્તિએ સામે આવી સમગ્ર જગ્યાનું આયોજન કરીને વૃક્ષો લગાડયાં સામેથી આવી આર્કિટેક્ટોએ એન્જીનીયરોની મદદથી અરવિંદના સમાધિ-સ્થાનનું બાંધકામ ઉપાડી લીધું.

વિદ્યાલય સ્થાપનાની ગુંચો પોતાની મેળે ઉકેલાઈ ગઈ.

૨૩-એપ્રીલ ૧૯૫૬નો દિન. આશ્રમ અને વિદ્યાલયની સ્થાપના થઈ - પણ વિદ્યાપીઠ વિદ્યાર્થી શિક્ષક વગરનું ! પણ એક વર્ષમાં દિલ્હીનાં શિક્ષણક્ષેત્રે ડંકો વાગવા લાગ્યો.

ભારતની રાજધાની દિલ્હીમાં આસુરી શક્તિઓ ઉપર દૈવી શક્તિઓનો વિજય થયો.

માતાજીનો એક સંદેશ આનો સાક્ષી છે. 'અતિમનસનું અવતરણ થઈ ચુક્યું છે. આસુરી શક્તિઓને પછડાટ મળી છે. અને તે પાછી હઠી ગઈ છે. માનવનો અતિમનસ યુગમાં પ્રવેશ થઈ ચુક્યો છે.''

સારાંશ, પ્રભુના કાર્યમાં વિઘ્નો આવવા જ જોઈએ, એવો કોઈ દૈવી નિયમ નથી, પણ આજના તબક્કે તે અનિવાર્ય ઘટના છે. પ્રભુના યોદ્ધાઓને અગ્નિ-પરીક્ષા આપવી જ પડશે. પણ તેમાંથી તેઓ વધારે શુદ્ધ, વધારે દિવ્ય, વધારે સમર્થ, વધારે પ્રભુને પ્રીય થઈને બહાર નિકળશે જ. ફક્ત જરૂર છે જીવંત સમર્પણની !

(મેરી માં : શ્રી સુરેન્દ્રનાથ જૌહરના પુસ્તકનાં ૬૧ થી ૬૮ પેજ ઉપર આધારિત - તંત્રી)

# આગામી-ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના www-sriaurobindosociety.org.in વેબ સાઈટનાં ઈ-મેગેઝીન એપ્રીલ ૨૦૦૮માં ના Next Future નો ભાવાનુવાદ-સાભાર)

## પ્રભુએ આપેલ દિવ્ય વારસો : સંકલ્પ શક્તિ

તમે કેટલી ભાષા જાણો છો કે તેમાં કેટલા પ્રવીણ છો તેના કરતાં તે ભાષાના શબ્દોનો અર્થ જીવનમાં સ્વિકારતા જ નથી કે સ્વિકારો છો, આ બે જ પર્યાય મહત્વનાં બની જાય છે. વીતેલા જીવન ઉપર દૃષ્ટિક્ષેપ કરશો તો જણાશે કે આ બે પર્યાયોએ જ તમારા જીવનને દિશા આપી છે. ખરેખર તે શબ્દો નથી હોતા પણ પોતાનો જીવન તરફ જોવાનો વ્યક્તિગત દૃષ્ટિકોણ હોય છે, જે તમે શબ્દો દ્વારા વર્ણવો છો. કોઈ વિચાર મનમાં આવે ત્યારે તે મુજબનાં પરિણામ જીવનમાં લાવી શકીશું કે નહિં એનો જવાબ તમારા ચારિત્ર્ય અને સંકલ્પશક્તિ બાબત ઘણું કહી જાય છે. જીવનની પ્રગતિમાં અશક્ય વસ્તુ શક્ય કેવી રીતે બની જતી હોય છે, તેનો અનુભવ પોતે જ એક પ્રેરણાદાયી અનુભૂતિ બની જાય છે. પ્રગતિ માટે પ્રોત્સાહન પુરૂ પાડે છે. નવો ઉત્સાહ પ્રગટાવે છે.

આમ જીવન સતત આવી યુક્તિ પ્રયુક્તિ દ્વારા આપણને નાની નાની વસ્તુ શીખવે છે. જીવનમાં આવતી દરેક વસ્તુ બાબતની ભૂમિકા બાબત



આપણને સભાન કરે છે. ઉપરના બે પર્યાયો પૈકી ક્યો સ્વિકારીએ છીએ તેનું નિરીક્ષણ જ જીવનમાં ફેરફાર કરવાની ક્ષમતા આપણામાં લાવે છે. આપણા વ્યક્તિત્વને નવો ઘાટ આપી શકે છે. ભાવિનો સમય જ જણાવશે કે આપણે ક્યો પર્યાય સ્વિકાર્યો છે. જ્યારે તમે કહેશો 'શક્ય છે' કે તરત તમારી સંકલ્પશક્તિ તમારી પડખે આવી કામ કરશે.

(શું આપ નથી જાણતાં..... પ્રભુ પણ સંકલ્પશક્તિ દ્વારા જ આ જગતનું સર્જન કરે છે, તેનું સંચાલન કરે છ, આપણને મદદરૂપ થાય છે. તેમના અંશ તરીકે આપણને પણ મળેલા આ પ્રભુના દિવ્ય-વારસાને આપણે ઓળખીએ. સમજીએ, વાપરીએ અને વિકાસ કરીએ.

ચાલો, પ્રભુના સંકલ્પને અનુસરી આપણે સંકલ્પ સેવીએ, પુરૂષાર્થ કરીએ, તો ત્યાં આત્માની વિકસતી ક્ષમતાઓ છે; (શ્રી) જીવનમાં યશ છે, (વિજયો) સુખ વૈભવ પણ છે. (ભૂતિ) શ્રીકૃષ્ણ પણ ગીતામાં જણાવે છે કે

કુદરતનો આ નિયમ છે અને તેમની સમજણ પણ તેવી જ છે. ધ્રુવાર્નીતિર્મતિર્મમ - ગીતા)-તંત્રી

## નોંધ

સહજ-સત્સંગના વાંચક પરિવારને નમ્ર વિનંતિ

શ્રી ભૂપેન્દ્રભાઈના દેહ-ત્યાગ પછી કેન્દ્ર ઉપર મનીઓર્ડર સ્વીકારી શકાય તેવી વ્યવસ્થા ન હોય, સહજ-સત્સંગનું 'અર્પણ', **'મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ'** રાજકોટના નામના ચેક અથવા ડ્રાફટ અથવા પોસ્ટલ ઓર્ડરથી મોકલવું

**-તંત્રી શ્રી**

# શ્રી અરવિંદનું નૂતન યોગદર્શન

પ્રકરણ - ૧

## પરમાત્માએ આપેલું મોટામાં મોટું વરદાન

- શ્રી જ્યોતિબેન થાનકી

યોગ એટલે પ્રભુની સાથે સંબંધ સ્થાપી આપે તેવી કોઈપણ ક્રિયા પ્રક્રિયા કે આચારસંહિતા.

તો પછી પ્રશ્ન ઊઠે છે કે પ્રભુ એટલે શું ? પ્રભુ એટલે પરમ ચેતના, જે સમગ્ર વિશ્વમાં વ્યાપેલી છે, જે ચેતના પોતે જ સત્ ચિત્ અને આનંદરૂપ છે. સત્ એટલે અસ્તિત્ત્વનું હોવું. ચિત્ એટલે શક્તિ અને આનંદ એટલે આનંદ. આ શક્તિ વૈયક્તિક રૂપે દરેકની અંદર વસી રહી છે. જેને આપણે આત્મા કે ચૈત્યપુરુષ કહીએ છીએ. એ જ શક્તિ સમગ્ર વિશ્વમાં - અણુએ અણુમાં વ્યાપીને રહેલી છે અને એ જ શકિત આ બધાથી પર પણ રહેલી છે, પરાત્પર છે. આ ચેતનાને કે શક્તિને આપણે ગમે તે નામથી સંબોધીએ, બ્રહ્મ કહીએ કે ભગવાન કહીએ, કે શક્તિ કહીએ કે કૃષ્ણ કે રામ કહીએ, પણ એ એક જ ચેતનાશક્તિ છે જે સમગ્ર વિશ્વની સર્જિકા છે. એ જ ભગવાન અને એ જ શક્તિ. તેનો સાક્ષાત્કાર કરવાનો જે માર્ગ, તે છે યોગમાર્ગ. આપણે ત્યાં પ્રભુનો સાક્ષાત્કાર કરવા માટેની અનેક સાધના પદ્ધતિઓ છે. જેમાં મુખ્ય છે જ્ઞાનયોગ- રાજયોગ, ભક્તિયોગ, કર્મયોગ મુનિ પતંજલિએ અષ્ટાંગયોગની



સાધના દ્વારા, નિર્વિકલ્પ સમાધિ દ્વારા બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિ પણ આપી છે. આમાંના કોઈપણ યોગમાર્ગનું અનુસરણ નિષ્ઠાપૂર્વક કરવાથી બ્રહ્મની - પરમાત્માની પ્રપ્તિ કરીને આત્મા પરમાત્મામાં ભળી જાય છે. એટલે તેના જીવનનો હેતુ સિદ્ધ થઈ જાય છે. પણ પછી જગત એવું ને એવું જ રહે છે. પ્રકૃતિ પણ એવી ને એવી જ રહે છે. દુઃખો પણ એના એ જ રહે છે. એમાં ક્યાંય પરિવર્તન આવતું નથી. આપણે ત્યાં યુગોથી સાધનાઓ થતી આવી છે. અસંખ્ય મહાત્માઓએ તપશ્ચર્યા દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર કરી મોક્ષ પ્રાપ્ત કર્યો છે ને આ જગતને મિથ્યા કે ભ્રમણાં ગણીને છોડી દીધું છે. પરિણામે માનવજીવનના દુઃખો એવાં ને એવાં જ રહ્યાં છે. આ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે કે ''અત્યાર સુધી જગતમાં માનવજાતિની પરિસ્થિતિને સુધારવા માટે અનેક પ્રયત્નો થઈ ચૂક્યા છે. એથી માણસોમાં કેટલોય ઉત્સાહ ધગશ અને આત્મસમર્પણ પ્રગટયાં છે, પણ છતાં આ બધા પ્રયત્નો છેવટે તો એક કરૂણ નિષ્ફળતામાં જ પરિણમ્યા છે.''

માણસોને એમના શારીરિક દુઃખોમાં રાહત આપવાથી માનવજાતિની વ્યથા કે દુઃખનો અંત આવી જતો નથી.

માનવજાતિના દુઃખોનો પ્રશ્ન એ ખરેખર તો માનવીની ચેતના સાથે સંકળાયેલો છે. એના મૂળ મનુષ્યની નિમ્ન પ્રકૃતિમાં રહેલાં છે. બહારના ઉપાયોથી, થોડોસમય, થોડા લોકોને કદાચ શાંતિ કે રાહત મળે, પણ ફરી પાછાં બીજા દુઃખો અને સમસ્યાઓ સર્જાય. વળી શારીરિક કષ્ટોમાંથી તો કોઈ જ બાકાત રહી શકતું નથી, કેમકે અત્યાર સુધી યોગમાર્ગના ઉપાસકોએ જગત, જીવન અને જડપદાર્થ એટલે કે શરીરથી અલગ રહીને બ્રહ્મની ઉપાસના કરી હતી. તેમણે પ્રકૃતિ અને સકલ શરીરને સાધનાભૂમિ તરીકે સ્વીકાર્યા ન હતાં. પ્રકૃતિમાં પણ સાધના કરીને તેને દિવ્ય બનાવી શકાય છે, એ વાત અત્યાર સુધી સ્વીકારવામાં આવી ન હતી. આથી પ્રકૃતિ એવી ને એવી જડ રહી, પ્રભુના

પ્રકાશથી વંચિત રહી નિમ્નબળોને આધીન રહી, જ્યાં સુધી પ્રભુનો પ્રકાશ પ્રકૃતિમાં અને શરીરની ભૂમિકામાં સક્રિય ન બને ત્યાં સુધી સમસ્યાઓ અને દુઃખોનું હંમેશ માટે નિરાકરણ થઈ શકે નહીં. આ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે કે, ''શાસનતંત્રો બદલાય છે, સૈકાઓ એક પછી એક વીતતા રહે છે, પણ માનવનું દુઃખ દયાજનક રીતે એકનું એક જ રહે છે. જ્યાં સુધી માણસ જેવો છે, તેવો અંધ અને અજ્ઞાન, તેમ જ સર્વ આધ્યાત્મિકતાઓ પ્રત્યે બંધ હશે, ત્યાં સુધી એમ જ થવાનું. જો માનવજાતિના તમામ દુઃખોનો અંત લાવવો હોય તો એક ઉપાય છે, અને તે છે મનુષ્યની ચેતનામાં પરમાત્માના પ્રકાશની સ્થાપના અને એ પ્રકાશ દ્વારા ચેતનાનું રૂપાંતર.''

ચેતનાના રૂપાંતરની વાત શ્રી અરવિંદ પહેલાં કોઈએ કરી ન હતી. અલબત અત્યાર સુધી આધ્યાત્મિક ક્ષેત્રમાં જે જે સાધનાઓ થઈ છે, તે સઘળી પોતપોતાને સ્થાને શ્રેષ્ઠ છે અને માનવચેતનાની તત્કાલીન સ્થિતિ અનુસાર ચેતનાના વિકાસક્રમમાં ઉપયોગી પણ સિદ્ધ થઈ છે. સામાન્ય માનવજીવનને પરમાત્મા પ્રત્યે અભિમુખ કરવા માટે અને ત્યાં સુધી પહોંચાડવા માટે તે બધાનું ઘણું મોટું પ્રદાન છે. પણ સાધનામાં એથી ય આગળ જવાનો માર્ગ રહેલો છે. એ માર્ગ શોધવાની તે સમયે કોઈને જરૂર જણાઈ નહીં હોય. એ આગળનો માર્ગ શ્રી અરવિંદે આ યુગમાં અજોડ એવી ચાળીસ વર્ષની એકાંત સાધના દ્વારા શોધી આપ્યો છે. એ માર્ગ છે, પ્રકૃતિના દિવ્યરૂપાંતરનો માર્ગ, જીવનમાં પ્રભુને ઊતારી લાવવાનો અને તેને સક્રિય કરી દિવ્યજીવન જીવવાનો માર્ગ. મન, પ્રાણ અને દેહની ભૂમિકામાં પ્રભુની ચેતનાને ઉતારીને મનને જ્યોતિર્મય, પ્રાણશક્તિને પ્રભુની સીધી સંકલ્પશક્તિ રૂપ અને દેહની મર્યાદાઓને અતિક્રમીને દેહને પ્રભુના દિવ્યકરણ રૂપ બનાવવાનો માર્ગ. આ માર્ગ માટે એમણે જે પદ્ધતિ આપી છે, એ છે પૂર્ણયોગ.



**પૂર્ણયોગ તદ્દન નવો જ યોગ :**

શ્રી અરવિંદે આપેલો આ પૂર્ણયોગ તદ્દન નવો જ યોગ છે. પૃથ્વીની ચેતનામાં આ યોગ પહેલી જ વાર પ્રગટ થયો છે. શ્રી અરવિંદ આ યોગ વિષે શિષ્યને પત્રમાં લખે છે : 'અમારે બધા જ રસ્તા અજમાવવા પડે છે. અમને એનો સંપૂર્ણ અનુભવ છે. આ યોગ નવો જ છે. કારણ કે વિશ્વની અંદર ભગવાનની અભિવ્યક્તિ કરવી એ તેનું લક્ષ્ય છે. અતિમનસનો યોગ આત્મસાક્ષાત્કાર માટે જ નહીં, પણ પાર્થિવ જીવનનું રૂપાંતર કરવા માટે આવશ્યક છે.'' શ્રી અરવિંદનો યોગ બધી જ રીતે નવો છે, એનાં ધ્યેયની દૃષ્ટિએ અને ત્રીજું એનાં લક્ષણોની દૃષ્ટિએ.

**૧. ધ્યેયની દૃષ્ટિએ :**

અત્યાર સુધીના યોગોનું ધ્યેય હતું પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય એટલે પછી સાધના પૂરી થઈ જતી. પછી કોઈ સાધના થઈ શકે, એ માટે કોઈએ વિચાર્યું નહીં હોય, અથવા તો પરમાત્માની પ્રાપ્તિ પછી આગળ કંઈ કરવાનું બાકી રહે છે. એનો કોઈને ખ્યાલ નહીં હોય. આથી બધી જ સાધનાઓ આત્મસાક્ષાત્કારમાં જ સમાપ્ત થઈ જાય છે. જ્યારે શ્રી અરવિંદના યોગમાં ધ્યેય આત્મસાક્ષાત્કારનું નથી પણ જીવનમાં દિવ્ય રૂપાંતરનું ધ્યેય છે. સમગ્ર જીવન અને પ્રકૃતિમાં પરમાત્માની ચેતનાને સક્રિય કરવાનું ધ્યેય છે. એટલે આત્મ સાક્ષાત્કારથી શ્રી અરવિંદનો યોગ અટકી જતો નથી. પણ આત્મ સાક્ષાત્કારથી તો આ યોગ શરૂ થાય છે. એટલે જ શ્રી અરવિંદ કહે છે કે જ્યાં બીજા યોગોની સમાપ્તિ થાય છે. ત્યાંથી મારા યોગની શરૂઆત થાય છે.'' એટલે કે આત્મસાક્ષાત્કાર એ તો શ્રી અરવિંદના યોગનું પ્રવેશદ્વાર છે. આત્માની પ્રાપ્તિ પછી, આત્માની અભીપ્સાથી પરમાત્માની દિવ્યચેતનાને મન, પ્રાણ અને દેહમાં ઉતારી લાવવાની પ્રક્રિયા શરૂ થાય છે.

**૨. પદ્ધતિની દૃષ્ટિએ નવીનતા :**

શ્રી અરવિંદે આપેલી યોગની આ પદ્ધતિ પણ તદ્દન નવી જ પદ્ધતિ છે. આ અંગે તેમણે પોતે જ શિષ્યને જણાવ્યું હતું કે ''આ નવી જ પદ્ધતિ છે.'' જૂના

યોગોમાં સ્વીકારાયેલી કે સિદ્ધ થયેલી મને મળી નથી. અમારો યોગ એક આધ્યાત્મિક સાહસ છે. જૂના ચીલાઓ ઉપર પુનઃ પ્રયાણ નથી.'' આ આધ્યાત્મિક સાહસ એટલે માનવ પ્રકૃતિને પ્રભુની પ્રકૃતિમાં પલટાવવી. આ સાહસ પૃથ્વી ઉપર શ્રી અરવિંદે પહેલીવાર ખેડયું છે. તેઓ પોતે જ જણાવે છે કે'' પૂર્વે આ યોગની સાધના કરવામાં આવી ન હતી. જે કોઈ પ્રયત્નો કર્યા હશે, તો તેની પરંપરા જળવાઈ રહી નથી. કાળના પ્રવાહમાં તે નષ્ટ થઈ ગઈ હશે.'' શ્રી અરવિંદને પ્રચલિત યોગ માર્ગોમાંથી કોઈ પદ્ધતિ મળી શકી નહીં. કેમકે એ યોગમાં દિવ્યરૂપાંતરની સાધના જ નથી. આથી તેમને પોતાને જ પૂર્ણયોગ માટેની પદ્ધતિ સાધના દ્વારા શોધવી પડી. આ વિષે પણ શિષ્યે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું છે કે,

''પૂર્ણયોગની પદ્ધતિ મને જૂના યોગોમાં સ્વીકારેયેલી કે સિદ્ધ થયેલી મળી નથી. જો મને એવી પદ્ધતિ મળી હોત તો રસ્તો ખોદવામાં અને શોધવામાં અને તેનાં આંતરિક સર્જનમાં મેં ત્રીસ વર્ષ ગુમાવ્યા ન હોત. અગાઉથી ખોદેલા, સરખા કરેલા, પાકી સડક જેવા સહિસલામત અને સાર્વજનિક રસ્તા ઉપર સહેલ કરતો કરતો હું મારા લક્ષ્ય સુધી સહિસલામત ઘેર પહોંચી ગયો હોત''. આમ શ્રી અરવિંદને આ યોગનો માર્ગ કંડારવામાં, એની પદ્ધતિ તૈયાર કરવામાં ત્રીસ વર્ષની ભગીરથ સાધના કરવી પડી, ત્યારે તેમને શરીરના દિવ્યરૂપાંતરની સાધનાનો માર્ગ મળ્યો. અત્યાર સુધી તો પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય, એમ જ માનવામાં આવતું હતું. બધા યોગો પરમાત્માના સાક્ષાત્કાર સુધી લઈ જાય છે અને જગતને મિથ્યા ગણી છોડી દે છે. જ્યારે શ્રી અરવિંદનો યોગ જગતને મિથ્યા નહીં, પણ પરમાત્માના આવિર્ભાવ રૂપ માને છે અને તેથી આ જગતમાં પરમાત્મા પોતાની સર્વશક્તિઓ સાથે સક્રિય બને એ માટેની આ સાધના છે. શ્રી અરવિંદ કહે છે કે, ''આ જગતની અંદર પ્રભુનો સાક્ષાત્કાર અને આવિર્ભાવ કરવો અને તે હેતુથી અતિમનસ જેવી હજુ સુધી અપ્રગટ રહેલી શક્તિને અહીં



નીચે લાવવી એ મારું ધ્યેય છે.'' આથી તેમની સાધના પદ્ધતિમાં જગતનો ત્યાગ કરવાની વાત નથી. તેમજ દેહદમન, ઈન્દ્રિયોનું દમન, તેના કાર્યો પર કઠોર નિયંત્રણ, વગેરે પણ નથી. તેઓ કહે છે,'' આ બધું મારા યોગનો ભાગ નથી. મારા યોગનો હેતુ આ છે : જીવનની અંદર દિવ્યઆનંદ, દિવ્ય પ્રકાશ અને દિવ્ય શક્તિ લાવવા, તેને સક્રિય કરી જીવનનું રૂપાંતર કરવું''

**૩ લક્ષણોની દૃષ્ટિએ નવીનતા :**

પૂર્ણયોગ તેના લક્ષણોની દૃષ્ટિએ પણ નવીન છે. તેમાં સમગ્ર જીવનનો સ્વીકાર છે. તેનું પ્રથમ લક્ષણ એ છે કે જીવનમાં રહીને કરવાની સાધના છે. શ્રી અરવિંદ કહે છે કે સમગ્ર જીવન એ યોગ છે. આમાં કર્મોનો પણ ત્યાગ નથી. એ ઉપરાંત પૂર્ણયોગમાં રૂપાંતર કરવાનું છે. એ માટે આરોહણ અને અવતરણની સાધના કરવાની છે. આ એનું ત્રીજું લક્ષણ છે. આ યોગ એ સમષ્ટિનો યોગ છે. સમગ્ર માનવજાતિના દિવ્ય રૂપાંતરનો યોગ છે. આ છે ચોથું લક્ષણ. આમાં વ્યક્તિગત સાધનાની સાથે સાથે સામૂહિક સાધનાની પણ એટલી જ આવશ્યકતા છે. પૂર્ણયોગની આ વિશિષ્ટતાઓ વિષે આપણે વિગતવાર હવે પછી જોઈશું.

આ રીતે શ્રી અરવિંદનો યોગ એ જીવનનો યોગ છે. સમષ્ટિનો યોગ છે. જીવનને પ્રભુમય બનાવવાની સાધના છે. પ્રભુને મન, પ્રાણ અને દેહના કોષોમાં ઉતારીને સમગ્ર અસ્તિત્ત્વને દિવ્ય બનાવવાની પ્રક્રિયા આપતો આ પૂર્ણયોગ એ પરમાત્માએ શ્રી અરવિંદ દ્વારા માનવજાતિને અત્યારના તબક્કે આપેલું મોટામાં મોટું વરદાન છે.

# શ્રી અરવિંદોપનિષદ

પ્રકરણ-૨

## બ્રહ્મ ચેતનાનું સ્વરૂપ

**એક મેવાદ્વિતીયં બ્રહ્મ ॥**

બ્રહ્મ-ચેતના એક જ છે. તેની સિવાય કાંઈ નથી.

શ્રી અરવિંદ વૈદિક-સંસ્કૃતિનું મૂળભૂત તત્વ જ માન્ય કરીને આગળ વધી રહ્યાં છે. આ સમગ્ર બ્રહ્માંડનું મૂળભૂત તત્વ ચેતના જ છે. તે એકજ છે અને તેના સિવાય અખિલ બ્રહ્માંડમાં કાંઈ જ નથી. બ્રહ્મ શબ્દનો અર્થ સમજાશે તો ઘણા ખોટા ખ્યાલો મનમાંથી નિકળી જશે. બ્રહ્મનો અર્થ છે સર્વવ્યાપિ. સમગ્ર બ્રહ્માંડમાં તે ચેતના પથરાએલી પડેલી છે. તે નથી એવું સ્થળ નથી. તે નથી એવી ક્ષણ નથી. આ જે આપણે જગત જોઈ રહ્યાં છીએ તેને ઋષિઓએ 'બ્રહ્માંડ' કહ્યું છે. બ્રહ્માંડ એટલે બ્રહ્મનું ઈંડુ. ઈંડામાં પક્ષી કે જંતુને નિર્માણ કરવાની ક્ષમતાં છે. અરે, તેણે પોતાની અંદર તે પક્ષી કે જંતુને શૂક્ષ્મરીતે ધારણ પણ કરી રાખેલ છે. પણ તે વસ્તુ બીજરૂપે છે. તે અવ્યક્ત છે, અ પ્રગટ છે. અ વિકસીત છે, પણ તેમાં વ્યક્ત થવાની, પ્રગટ થવાની, વિકાસ પામવાની સંપૂર્ણ ક્ષમતા છે. આ અર્થમાં જ આ જગત 'બ્રહ્માંડ' છે. આ જગતે તે બ્રહ્મ-ચેતનાને શૂક્ષ્મરીતે પોતામાં ધારણ કરી રાખી છે, તેને પ્રગટ કરવાની જગતની



ક્ષમતા હજી વિકાસ પામેલી નથી. અવિકસીત છે. સુપ્ત અને ગુપ્ત છે અને તેથી આપણે જગતને જોતા હોઈએ છીએ ત્યારે તેમાં રહેલ બ્રહ્મ ચેતનાને જોઈ શકતા નથી.

જગતની વસ્તુ અને વ્યક્તિ માત્રમાં તે બ્રહ્મ-ચેતના છે જ. જ્યાં તે થોડી ઘણી પ્રગટ થઈ શકે છે, તેને આપણે સચેતન કહીએ છીએ. જ્યાં હજી તે પ્રગટ થઈ શકતી નથી, તેને આપણે અચેતન કહીએ છીએ. સચેતન કે અચેતન એટલે બ્રહ્મ ચેતનાની વ્યક્ત અને અવ્યક્ત અવસ્થા.

બીજી એક ગેરસમજ મનમાંથી કાઢી નાખીએ. બ્રહ્મચેતના પોતાને જે સ્વરૂપો દ્વારા હાલના તબક્કે પ્રગટ કરે છે, તે સ્વરૂપો પણ બ્રહ્મ-ચેતનાને બરાબર પ્રગટ કરતાં નથી. અણુઓમાં દેખાતી પરસ્પર આકર્ષણ અપાકર્ષણથી પ્રગટ થઈ અણુશક્તિ, ગુરૂત્વાકર્ષણ શક્તિ, ચુંબકિય-શક્તિ, રાસાયણિક પ્રક્રિયા, આ બધા તેના જ પ્રગટીકરણો છે. પ્રાણીઓમાં દેખાતી જીવન-શક્તિ, મનુષ્યમાં દેખાતી ભાવના અને વિચારશક્તિ એ પણ તેના જ પ્રગટીકરણો છે. હજી તે પોતાના શુદ્ધ સ્વરૂપે પ્રગટ થઈ શકતી નથી.

બીજુ, બ્રહ્મ-ચેતના તેનાથી ભિન્ન કોઈ ભૌતિક-જડ તત્વ મારફત પ્રગટ થઈ રહી છે, તે પણ ખોટી ગેરસમજ છે. ભૌતિક જડતત્વનું રૂપ પણ બ્રહ્મચેતનાએ જ લીધેલ છે. અખિલ બ્રહ્માંડમાંના બધા જ રૂપો તેનાં જ છે (રૂપં રૂપં પ્રતિરૂપો બભૂવ -વેદ) ભૌતિક તત્વ પણ ફક્ત બ્રહ્મચેતનાની થીજી ગએલી અવસ્થા છે - ઘનીભૂત અવસ્થા માત્ર છે. જેમ જળ વરાળરૂપે વાયુ છે, પાણી રૂપે પ્રવાહી છે, બરફરૂપે ઘનીભૂત પદાર્થ છે, પણ છે બધું પાણી જ. અવસ્થાભેદ છે તત્વભેદ નથી. ઘરેણાં અનેક હોય છે પણ 'અંતે તો હેમનું હેમ હોએ' એ નરસિંહ મહેતાની અનુભૂતિ આપણે સમજવાની ખૂબ જરૂર છે.

શ્રી અરવિંદ આ એક વાક્ય દ્વારા એ જ સત્યને પ્રગટ કરવા માંગે છે. સમગ્ર બહ્માંડમાં તે જ બ્રહ્મચેતના છે અને તેની સિવાય બીજી વસ્તુ જ નથી.

શાસ્ત્રો 'એક'નો અર્થ એક અને અદ્વિતીયનો અર્થ અભેદ સ્વરૂપ, અખંડ એવો લે છે.

દરેક ભૌતિક વસ્તુમાં ચાર પ્રકારનાં ભેદ હોય છે. જેમને પ્રાગ્ભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ અને સ્વગતાભાવ કહે છે. પ્રાક્અભાવનો અર્થ છે, વસ્તુ નિર્માણ થઈ એ પહેલા તેનો જે અભાવ હતો તે દા.ત. માટલું નિર્માણ થતાં પહેલા તે માટલું જગતમાં નહોતું જ. પ્રધ્વંસાભાવ એટલે વસ્તુનો નાશ થયા પછી તેનો અભાવ જગતમાં કાયમ સ્વરૂપે રહે છે તે. પ્રધ્વંશ એટલે પુરેપુરો નાશ થવો. દા.ત. માટલું ફુટી ગયાં પછી તે માટલાનો અભાવ જગતમાં કાયમ રહેશે. અન્યોન્યાભાવ એટલે જગતમાંની એક વસ્તુ બીજીથી જુદી હોવાથી એકમાં બીજીનો અભાવ છે, બીજીમાં પહેલીનો. બન્નેમાં અન્યોન્યનો અભાવ છે. સ્વગતાભાવ એટલે વસ્તુનું એક અંગ અથવા ભાગ બીજા ભાગથી જુદુ છે. દા.ત. આપણા શરીરની આંખો એ કાન નથી. આંખમાં કાનનો અને કાનમાં આંખનો અભાવ છે.

આવા બધા જ પ્રકારોનાં ભેદ જેમાં નથી એવી બ્રહ્મ ચેતના એક જ છે. સર્વવ્યાપિ છે અખંડ છે, અભેદ છે, સનાતન છે, નિત્ય છે. આવું અખિલ બ્રહ્માંડનું મૂળભૂત તત્વ એ જ બ્રહ્મ-ચેતના છે.

આવી બ્રહ્મ ચેતનાનો અનુભવ લેવો હોય તો શું કરવું. ઋષિઓએ તેનો માર્ગ દર્શાવેલ છે. પ્રથમ તો એ સમજો કે આપણું આ જડ ભૌતિક શારીરિક શરીર એ પણ ઘનીભૂત થએલ બ્રહ્મચેતના જ છે એમ સમજો, વિચારો અને અનુભવો. શરીર અન્નથી પોષાતું હોવાથી ઋષિઓ જણાવે છે કે 'અન્ન બ્રહ્મેતિ વ્યજાનાત્' અર્થાત આ શરીરને પણ થીજી ગએલ બ્રહ્મતત્વ સમજીને ચાલો. તેવું સતત અનુભવો. એનો અર્થ કે શરીરનો કોષે કોષ આપણાથી જુદો નથી. દરેક કોષરૂપે પરમ-પ્રભુ જ વિલસી રહ્યાં છે, એવું સતત અનુભવવાનો અભ્યાસ કરો. આમ કરશો તો શરીરના કોષો ધીમે ધીમે સભાન, સચેતન, સજાગ બનશે અને બ્રહ્મ-



ચેતનાને પ્રગટ કરવા વિકાસ પામશે.

પછી બ્રહ્મ-ચેતના કેવી છે તે અનુભવવા ઋષિઓ આગળનું પગલું લે છે. 'ખં' બ્રહ્મેતિ વ્યજાનાત્ અથવા 'ખં બ્રહ્મેતિ ઉપાસીત્' અર્થાત જેમ આકાશ નિર્મળ છે, નિરપેક્ષ છે, અવિકારી છે, નિર્ગુણ છે, નિરાકાર છે. સર્વવ્યાપિ છે તેમ પોતાની ચેતના પણ તેવી જ છે, એવું સતત અનુભવવાનો પ્રયત્ન કરવો. જ્યારે આપણી ચેતના આપણને આકાશ જેવી સર્વત્ર ફેલાએલી અનુભવાશે ત્યારે બ્રહ્મભાવ આપણી ચેતનામાં સ્થિર થવા માંડશે.

આકાશ તરફ જોતા જોતા આવો ભાવ ધારણ કરવાથી તે સહજ રીતે અનુભવાશે.

ચાલો શ્રી અરવિંદોપનિષદને સાચા અર્થમાં સમજીએ. સાચા અર્થમાં જીવી બતાડીએ.

અમને વીર યોદ્ધા બનાવ જે બનવાની અમારી અભિપ્સા છે. અમે સફળતાપૂર્વક ભવિષ્ય માટેના મહાન સંગ્રામ માટે યુદ્ધ કરી લઈએ, એ ભવિષ્ય કે જે ટકી રહેવા માગતા ભૂતકાળની વિરુદ્ધ જન્મ લઈ રહ્યું છે; જેથી કરીને નવીન વસ્તુઓ અભિવ્યક્ત થાય અને આપણે તેને ગ્રહણ કરવા તૈયાર હોઈએ.

-શ્રી માતાજી (૨૧.૨.૫૨નો સંદેશ)

જ્યારે તમે મૃત્યુનો ભય રાખો છો ત્યારે મૃત્યુએ તમને ક્યારના યે પરાજિત કર્યા હોય છે.

-શ્રી માતાજી (૨૧.૨.૫૪નો સંદેશ)